# વિશ્વવિહાર

વર્ષ : 24 * અંક : 2 * નવેમ્બર 2021 * કિં. ₹ 15



દિમિત્રી મુરાતોવ



મારિયા રેસા

અખબારી સ્વાતંત્ર્યના મશાલચી






આઝાદીના અમૃતમહોત્સવ નિમિત્તે
દીવાન-બલ્લુભાઈ પ્રાથમિક શાળા,
કાંકરિયાના વિદ્યાર્થીઓ દ્વારા
બારડોલી સત્યાગ્રહનાં ગીતોની પ્રસ્તુતિ

*

અતિથિવિશેષ તરીકે વક્તવ્ય આપતા
અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ-બોર્ડના ચૅરમૅન
ડૉ. સુજય જ્યોતીન્દ્ર મહેતા



જીવન જીવવાની અનોખી ફિલસૂફી આપતાં કાવ્યોના ગાનની
'ચાલ, આજ તો ભર હુલ્લાસે હસીએ' વિશે અમર ભટ્ટ દ્વારા પ્રસ્તુતિ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે,
ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : અજય ઑફસેટ,
સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૫૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
**વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)**
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# સમૂહગત જીવનની લીલુડી ધરતી



શ્રી ચુનીલાલ મડિયા

શ્રી ચુનીલાલ મડિયાનું આ જન્મશતાબ્દી વર્ષ. ચુનીલાલ મડિયાએ ગુજરાતી સાહિત્યમાં નવલકથા, નવલિકા અને નાટ્યસર્જક તરીકે ચિરસ્મરણીય પ્રદાન કર્યું છે. ૪૬ વર્ષનો એમનો ટૂંકો જીવનકાળ અને એમાં ૨૩ વર્ષનો કવનકાળ. આ ૨૩ વર્ષ દરમિયાન ચુનીલાલ મડિયાએ સાહિત્યનાં અનેકવિધ સ્વરૂપોમાં ખેડાણ કર્યું. વિવેચનો, અવલોકનો, કાવ્યો, નિબંધો, ચરિત્રો અને પ્રવાસવર્ણનો લખ્યાં, પરંતુ ગુજરાતી સાહિત્યમાં એમની સર્જક-મુદ્રા કાયમને માટે સ્મરણીય રહેશે, તે નવલકથા, નવલિકા અને નાટકના ક્ષેત્રમાં એમણે કરેલા એમના મૌલિક અને સત્ત્વશીલ પ્રદાનને માટે. આ ત્રણ સ્વરૂપોમાં એમની સર્જકતાનો વિશેષ અનુભવાય છે. 'મારી કૃતિઓની ગુણવત્તા અંગે હું પૂરેપૂરી આત્મશ્રદ્ધા ધરાવું છું.' આમ કહેનાર ચુનીલાલ મડિયાએ સાચે જ ગુજરાતી સાહિત્યમાં પોતાનું સ્થાન પોતીકી મૌલિકતાથી અંકિત કર્યું છે.

ત્રણ દાયકામાં ચુનીલાલ મડિયાએ જે સર્જનકાર્ય કર્યું, એ સમયની રાજકીય પરિસ્થિતિ પણ લક્ષમાં લેવી જોઈએ. ૧૯૪૨થી ૧૯૬૮ સુધીના એમના આ સર્જનકાળમાં દેશ ત્રિભેટે આવીને ઊભો હતો. એક બાજુ ગાંધી-પ્રેરિત મૂલ્યોમાં ઘસારો આવતો જતો હતો. પં. જવાહરલાલ નહેરુની આગેવાની હેઠળ દેશ આગળ વધી રહ્યો હતો અને ભારતીય લોકતંત્રમાં સમાજવાદી અને મૂડીવાદી મૂલ્યોનો પ્રસાર થતો હતો. પોતાના સમયની બદલાતી પરિસ્થિતિ અને તેથી અનુભવાતો મૂલ્યહ્રાસ મડિયાનું સર્જક-ચિત્ત અનુભવે છે અને એમના સર્જનમાં પ્રવર્તમાન રાજકીય પરિસ્થિતિ અંગેની પોતાની વેદના પ્રગટ કરવાની સાથોસાથ ભવિષ્યમાં દેશમાં સર્જાનારી પરિસ્થિતિનું આલેખન કરે છે.

૧૯૨૨ની ૧૨ ઑગસ્ટે સૌરાષ્ટ્રના ધોરાજીમાં એમનો જન્મ થયો. ભગવતસિંહજી હાઈસ્કૂલમાં મૅટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરી ત્યાં સુધી તેઓ ધોરાજીમાં રહ્યા હતા. સત્તરેક વર્ષ તેઓ ધોરાજીમાં રહ્યા અને એમના સર્જનમાં સતત એમની ચેતના પર અંકિત થયેલું ધોરાજી એમના કવનકાળમાં છેક સુધી ડોકાતું રહ્યું. ધોરાજીના વતની હોવાનું એમને ગૌરવ હતું. ૧૯૫૫ના પ્રથમ વિદેશપ્રવાસ સમયે ધોરાજીના નભમાં થઈ વિમાન ઊડ્યું એનો એમને હર્ષ હતો. (ઍટલાંટિકનું ઉલ્લંઘન : લેખ-૧) બાળપણથી જ

વાંચવાનો અને રખડવાનો ભારે શોખ અને ગ્રામજીવનનો ઘનિષ્ટ સંપર્ક પામવાની ઉત્કટતા તથા તત્પરતા કવનકાળના ઉત્તરાર્ધમાં પણ એમના ચિત્ત પર અંકિત રહી. એમનાં સર્જનોમાં પણ એ સોરઠી જનજીવનનું આલેખન મળે છે તો બીજી બાજુ એમની શૈલીમાં સોરઠી બોલીની બળકટતા અનુભવાય છે. ધોરાજી તાલુકા ઉપરાંત જેતપુર, ઉપલેટા, જૂનાગઢ, માંગરોળ, પોરબંદર, સતાધાર, બરવાળા, ઊના તાલુકાઓનાં ગામ અને હાલાર પંથકમાં પણ એમણે ખાસ્સું પરિભ્રમણ કર્યું હતું. ઝવેરચંદ મેઘાણીએ સોરઠી ભાષા મેળવીને પોતાના સર્જનમાં પ્રગટ કરી તેથી તેમાં ક્યાંક ડૉક્યુમેન્ટેશન પણ લાગે, જ્યારે મડિયા સોરઠી બોલી લઈને જ લેખક તરીકે જન્મ્યા હતા અને તેથી એ ભાષાની ગુંજાયશ એમનાં સર્જનોમાં સતત પ્રગટ થતી રહી.

આથી જ ઉમાશંકર કહે છે કે, ‘એ બાળક - એ કિશોર વતનમાં ઊછરતો હશે ત્યારે એનું ગ્રહણયંત્ર (રિસીવિંગ સેટ) ઘણું સૂક્ષ્મ, સંવેદનશીલ અને સર્વગ્રાહી હોવું જોઈએ.’ મોટા લેખકને માટે આ મોટી અસ્કામત ગણાય. મડિયા પોતાનું જ રાજ્ય લઈને વિકસ્યા અને વિસ્તર્યા.

નિશાળના અભ્યાસકાળ દરમિયાન એમના શિક્ષકોએ એમનામાં સાહિત્યરુચિ જગાડી. જન્મશંકર દોલતરાય મારુ નામના શિક્ષક અને પત્રકાર શ્રી રવિશંકર વિ. મહેતાના ભાઈ તથા એમની સ્કૂલના હેડમાસ્તર મોહનલાલ વિઠ્ઠલજી મહેતાએ એમનામાં સાહિત્ય પ્રત્યે રુચિ જગાડી અને પછી અમદાવાદની એચ. એલ. કૉમર્સ કૉલેજના આચાર્ય સુરેન્દ્રનાથ વૈકુંઠરાય દેસાઈ – જે શિસ્તના આગ્રહી એસ. વી. દેસાઈ તરીકે જાણીતા હતા – એમણે મડિયાની સાહિત્યિક રુચિને ઉત્તેજન આપ્યું.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| સમૂહગત જીવનની લીલુડી ધરતી | ૩ | કુમારપાળ દેસાઈ |
| મૈત્રીભાવનો સેતુ | ૮ | ભારતી રાણે |
| ઑનલાઈન શિક્ષણ : ભવિષ્યની સમસ્યાઓ | ૧૧ | પ્રવીણ ક. લહેરી |
| ઓળખીએ ફેસબુકના અસલી ચહેરાને | ૧૪ | હર્ષ મેસવાણિયા |
| સહેલાં કામો અઘરાં છે ! | ૧૭ | રતિલાલ બોરીસાગર |
| ટૅક્નૉલૉજીમાં ખીલતું કલાસૌંદર્ય | ૨૦ | ચિંતન ભટ્ટ |
| સંતોના બાગનું એક મહેકતું પુષ્પ | ૨૩ | વસંત ગઢવી |
| પ્રતિભાએ આપી પ્રેરણા | ૨૫ | પ્રીતિ શાહ |
| ‘જળનાં જતન હાટુ વાવ ગળાવીએ રે લોલ’ | ૨૬ | સુધા ભટ્ટ |
| અભિવ્યક્તિના સ્વાતંત્ર્ય માટે જંગ | ૨૯ | બેલા ઠાકર |
| વિશ્વકોશવૃત્ત | ૩૧ | – |

પ્રારંભે 'પ્રભાત' અને 'નવસૌરાષ્ટ્ર', ત્યારબાદ 'જન્મભૂમિ' અને એ પછી મુંબઈમાંની અમેરિકન સરકારની માહિતી કચેરી(યુનાઇટેડ સ્ટેટ ઑફ ઇન્ફર્મેશન સર્વિસ)માં ગુજરાતી વિભાગના વડા તરીકે જોડાઈને છેક ૧૯૬૨ સુધી એ સ્થાન પર રહ્યા. વિદેશના પ્રવાસે અનુભવોનું નવું ભાથું આપ્યું અને ત્યારબાદ ૧૯૬૩ના જાન્યુઆરીમાં 'રુચિ' સામયિક શરૂ કર્યું. જેનું એમણે ખૂબ નિસબતપૂર્વક જતન કર્યું હતું.

ચુનીલાલ મડિયાએ પશ્ચિમના નવલકથાકારો, વાર્તાકારો અને નાટ્યલેખકોને ભરપૂર વાંચ્યા. ડીકન્સ, શોલોખોવ, પર્લ બક, ચેખૉવ, ટૉલ્સ્ટૉય, ગાલ્સવર્ધી, ઓ'હેન્રી, વિલિયમ સારોયાન જેવા સર્જકોનું વાચન કરવાને કારણે એમનામાં એક સજ્જતા આવી. વળી ઉમાશંકર જોશી, બચુભાઈ રાવત, ઝવેરચંદ મેઘાણી, રસિકલાલ પરીખ વગેરેનો પરિચય અને એમાં પણ ઉમાશંકરભાઈ સાથે ઘરોબો. ઉમાશંકર એમને 'મડિયા રાજા' કહેતા અથવા તો એમની ચીવટ અને ચિંતા જોઈને એમને તો 'મડિયા ધી મધર' કહેતા.

૧૯૪૨ના 'કુમાર' સામયિકમાં ચુનીલાલ મડિયાની પ્રથમ વાર્તા 'સોનાજી' પ્રગટ થઈ. એ પછી જયંતિ દલાલના તંત્રીપદ હેઠળ પ્રગટ થતા 'રેખા' સામયિકમાં પણ એમની ટૂંકી વાર્તાઓ પ્રગટ થતી હતી. ૧૯૪૫માં મડિયાનું સાહિત્ય પહેલી વાર પ્રગટ થયું. એ પૂર્વે અખબારો અને સામયિકમાં એમનું વિપુલ લખાણ પ્રગટ થયું હતું, પરંતુ ઉમાશંકરભાઈ કહેતા કે, 'પહેલું પુસ્તક તો પહેલો ઘા રાણાનો થવું જોઈએ.' અને એમનું પહેલું પુસ્તક 'ઘૂઘવતાં પૂર' વાર્તાસંગ્રહ પ્રગટ થયો.

પોતાની કારકિર્દીના પ્રારંભે મડિયાએ 'કલેન્દુ', 'વિરંચી', 'વક્રગતિ', 'કૌટિલ્ય' તથા 'અખો રૂપેરો' જેવાં તખલ્લુસ અપનાવ્યાં હતાં, છતાં આગળ જતાં તેમણે એ તખલ્લુસનો ઉપયોગ કર્યો નહોતો. એમના પ્રથમ વાર્તાસંગ્રહ 'ઘૂઘવતાં પૂર'માં જ એમની કળા ખીલી ઊઠે છે. આમ, ૧૯૪૫થી આરંભાયેલા એમના સાહિત્યસર્જનને જોઈએ તો  ૧૩ નવલકથાઓ, ૧૧ જેટલા નવલિકાસંગ્રહો, ૬ નાટ્યસંગ્રહો, ૪ વિવેચનગ્રંથો, ૨ ચરિત્રવિષયક ગ્રંથો, ૨ પરિચય-પુસ્તિકાઓ અને એક-એક કવિતા અને પ્રવાસવિષયક પુસ્તકો મળે છે. આ ઉપરાંત અનુવાદ અને સંપાદનના ગ્રંથો પણ ખરા. વળી 'સાહિત્ય સંગમ' નામની કૉલમનું દસ વર્ષ સુધી લેખન અને 'રુચિ' સામયિકનું સંપાદન જેમાં સાહિત્ય અને બીજા વિષય પરનાં કૉલમનું લેખન અને સાથોસાથ એમની ધારાવાહી નવલકથા પણ ખરી. સંપાદક ચુનીલાલ મડિયાએ નવોદિતો પાસે લખાવ્યું અને જાણીતા સર્જકો પાસે પણ કશુંક નવું લખાવ્યું. એમની આ પત્રકારત્વની કામગીરીને વાડીલાલ ડગલીએ 'સર્જક અને સમાજ વચ્ચેના સેતુ' રૂપે મૂલવી હતી.

પોતાના જીવનના અંત સુધી એમણે 'રુચિ' સામયિકનું જતન કર્યું. સાહિત્યેતર કલાઓમાં પણ એમનો જીવંત રસ 'રુચિ'ના અંકોમાં પ્રતિબિંબિત થાય છે. છગનલાલ જાદવ, પિરાજી સાગરા, ઝવેરી સિસ્ટર્સ, દિનેશ શાહ ને માર્થા ગ્રેહામના અંગત પરિચયમાં હતા. આ ઉપરાંત દિલીપકુમાર, રાજ કપૂર, અલ્કાઝી અને વિદેશના આર્થર મિલર, સ્ટીફન સ્પેન્ડર સાથે ગાઢ પરિચય હતો. ચુનીલાલ મડિયાએ ૧૯૪૫માં એમનો

પહેલો નવલિકાસંગ્રહ ‘ઘૂઘવતાં પૂર’ અને ‘ગામડું બોલે છે’ આપ્યો, તો એ જ વર્ષે ‘પાવક જ્વાળા’ નવલકથા પણ આપે છે. ૧૯૬૮ના ડિસેમ્બરમાં ચુનીલાલ મડિયાનું અવસાન થયું. અમદાવાદમાં યોજાયેલી પી.ઈ.એન.ની કૉન્ફરન્સમાં ભાગ લેવા માટે ચુનીલાલ મડિયા આવ્યા હતા. મુંબઈ પાછા જવા માટે ૨૯ ડિસેમ્બરે કાલુપુર રેલવે સ્ટેશને ગુજરાત મેલ ટ્રેનના ડબામાં ચડ્યા. રાતના સાડા નવ વાગ્યે એમના ત્રણ પરમ મિત્રો નિરંજન ભગત, છગનલાલ જાદવ અને ભાનુભાઈએ એમને ગુજરાત મેલ પર વિદાય આપી હતી અને ટ્રેન ઊપડતાં જ તેમને હૃદયરોગનો હુમલો આવતાં હૃદય બંધ પડી ગયું. સહપ્રવાસીઓમાં કાર્ડિયાક ડૉક્ટર પણ હતા, જેમણે તત્કાળ લક્ષણો પરથી રોગ પારખી જઈને મડિયાને કાર્ડિયાક મસાજ આપ્યો, છતાં તેઓ તેમને બચાવી શક્યા નહીં અને મડિયા અવસાન પામ્યા. મણિનગર રેલવેસ્ટેશને મડિયાનો મૃતદેહ ઉતારાયો અને રેલવેપોલીસે તરત જ શારદાબહેન હૉસ્પિટલના ડૉક્ટરો તથા ઉમાશંકર જોશીને તેડાવ્યા. બીજે દિવસે ૩૦ ડિસેમ્બરે મડિયાનો અંતિમવિધિ અમદાવાદ ખાતે યોજાયો. જેમ સાહિત્યક્ષેત્રે ૧૯૪૫માં પ્રવેશ કરતી વખતે એમણે નવલકથા અને નવલિકાસંગ્રહ બંને આપ્યાં હતાં, એ જ રીતે એમના જીવનના અંતિમ વર્ષમાં –૧૯૬૮માં એક જ વર્ષમાં નવલકથા ‘આલા ધાધલનું ઝીંઝાવદર’ અને નવલિકાસંગ્રહ ‘ક્ષત-વિક્ષત’નું પ્રકાશન થયું. મડિયાની નવલકથાઓમાં સોરઠ પ્રદેશની પશ્ચાદ્ભૂ છે, તો મુંબઈ જેવા નગરજીવનનો પરિવેશ પણ મળે છે.

એમની આ નવલકથાઓમાં કેટલીક ગ્રામજીવનમૂલક, કેટલીક નગરજીવનમૂલક, કેટલીક હાસ્ય-કટાક્ષમૂલક અને કેટલીક ઇતિહાસમૂલક નવલકથાઓ છે. ચુનીલાલ મડિયાની ૧૩ નવલકથાઓમાં સાત તો ગ્રામજીવનની પીઠિકા પર ઊભેલી છે અને ઝવેરચંદ મેઘાણી પછી સોરઠના પ્રદેશવિશેષને બળવત્તર રીતે પ્રગટ કરવાનું શ્રેય મડિયાને જાય છે. ક્યારેક આ નવલકથાઓમાં નાયકને સ્થાને ગામડું વધુ બળવત્તર લાગે છે.

જ્યારે એમની નગરજીવનમૂલક નવલકથાઓ વિશેષે પ્રસંગપ્રધાન રહી છે અને એમની આ નવલકથાઓની ભાત પણ જુદી છે, તો હાસ્ય-કટાક્ષમૂલક નવલકથાઓમાં મડિયાના વ્યક્તિત્વમાં રહેલી મબલખ  હાસ્યવૃત્તિ પ્રગટ થાય છે. ‘કુમકુમ અને આશકા’ જેવી ઇતિહાસમૂલક નવલકથા એમની પાસેથી મળે છે. વળી કનૈયાલાલ મુનશીની ‘જય સોમનાથ’ અને ધૂમકેતુની ‘ચૌલાદેવી’ જેવી નવલકથાઓ સર્જાઈ હોવા છતાં એ વિષયવસ્તુને અનુલક્ષીને તેઓ ‘કુમકુમ અને આશકા’ નવલકથા આપે છે અને એ રીતે ‘લીલુડી ધરતી’ ભાગ ૧-૨, ‘સધરા જેસંગનો સાળો’ ભાગ ૧-૨, ‘કુમકુમ અને આશકા’ એ નવલકથાના સ્વરૂપની નવી ક્ષિતિજો બતાવે છે. તો ચુનીલાલ મડિયાનો વાર્તાલેખનનો પ્રારંભ અખબારી વ્યવસાયને કારણે થયો હતો અને તેઓ પોતે એને અખબારી વ્યવસાયની આડ-નીપજ ગણાવવામાં સહેજે સંકોચ રાખતા નહોતા.

ચુનીલાલ મડિયાના ૧૧ સંગ્રહોમાં ૨૦૦ જેટલી નવલિકાઓ મળે છે. તેઓ નવલિકાની ટૅક્‌નિકને વિશેષ મહત્ત્વ આપતા નથી, પરંતુ ચિત્રાત્મકતા અને કાવ્યાત્મકતાનો ગુણ એમની વાર્તાઓને આસ્વાદની કોટીએ પહોંચાડે છે. ‘કમાઉ

દીકરો', 'વાની મારી કોયલ', 'ઘૂઘવતાં પૂર', 'ચંપો અને કેળ', 'મેંદીનો રંગ', 'અંતઃસ્રોતા', 'પરિતોષ', 'પ્રશ્નાર્થચિહ્ન', 'ચક્ર', 'રાયજીનું રૉસ્કોપ' જેવા એમના નવલિકાસંગ્રહો મળે છે. નવલિકાની વિભાવના વિશે તેઓ સ્વયં કહે છે,

'સર્જકને સાંપડેલ અનુભૂતિ જો સાચી હશે તો એની વાર્તાનો શબ્દદેહ આપમેળે જ સુશ્લિષ્ટ બનવાનો...'

'... પણ અનુભૂતિની કચાશ હશે તો ટૅક્નિકના ગમે તેટલા વાઘા પહેરાવવા છતાં આંતરિક દારિદ્ર અછતું નહિ રહે...' ('વાર્તાવિમર્શ', પૃ. ૬૬)

નર્મદ સુવર્ણચંદ્રક સ્વીકારતી વખતે એમણે કહ્યું હતું, 'કમનસીબે ટૂંકી વાર્તાના ક્ષેત્રે મારી સ્થિતિ છાપેલ કાટલા જેવી થઈ પડી છે, પણ મારો રસનો વિષય અને ઈષ્ટ પ્રવૃત્તિ વાર્તા કે નવલકથા નહીં, પણ નાટક છે.' અને બન્યું છે પણ એવું કે ક્યારેક નવલકથાનો પ્રારંભ કર્યા પછી એમણે એને નાટ્યદેહ આપવાનો વિચાર આવતાં લેખન અટકાવી દીધું છે.

એમના પુત્ર અમિતાભ મડિયા પાસેથી એક એવી નોંધ પણ મળી છે કે ધોરાજીમાં ભગવદ રંગમંચ પર એમણે અનેક નાટકોની ભજવણીઓ જોઈ હતી. એમની પાસેથી 'હું ને મારી વહુ' (૧૯૪૯), 'શૂન્યશેષ' (૧૯૫૭) અને 'રામલો રોબિનહૂડ' (૧૯૬૨) જેવાં નાટકો તેમજ 'રંગદા' (૧૯૫૧), 'વિષવિમોચન' (૧૯૫૫) અને 'રક્તતિલક' (૧૯૫૬) જેવા એકાંકીસંગ્રહો સાંપડે છે.

એમનાં નાટકોમાં અભિનયક્ષમતા છે, તો સંવાદોમાં ચબરાકિયાપણું અને હાસ્ય-કટાક્ષ જોવા મળે છે. એમની પાસેથી કેટલાંક નમૂનેદાર એકાંકીઓ આપણને મળ્યાં છે. આ સાથે વિવેચક મડિયા પાસેથી મુખ્યત્વે પત્રકારત્વની નીપજ રૂપે લખાયેલ વિવેચન મળે છે. એમનું વિવેચન એક સંપ્રજ્ઞ સહૃદયની જીવંત અનુભૂતિ-કથા બની રહે છે. 'વાર્તાવિમર્શ', 'ગ્રંથગરિમા', 'કથાલોક' જેવા વિવેચન-ગ્રંથો અને પરિચય પુસ્તિકાઓમાં એમનો સાહિત્યસ્વરૂપ વિશેનો સ્વાધ્યાય, ગ્રંથસમીક્ષા અને વ્યાપક સાહિત્યચર્ચા જોવા મળે છે. એમણે એક સહૃદય ભાવકની દૃષ્ટિએ પોતાનાં આસ્વાદમૂલક નિરીક્ષણો આપ્યાં છે અને તેથી પારિભાષિક સંજ્ઞાઓનો ભાર તેમાં વર્તાતો નથી. નિબંધિકા, કવિતા અને અનુવાદ પણ મળે છે.

એક મુલાકાતમાં શ્રી ચંપકલાલ મહેતાને મડિયાએ કહ્યું હતું કે એમના પ્રિય કવિ તો નિરંજન ભગત તો પ્રિય ગદ્યલેખક કોણ ? ૧૯૮૫માં મડિયાના પુત્ર અમિતાભ મડિયાએ મડિયાના ગાઢ મિત્ર નિરંજન ભગતને પૂછ્યું કે મડિયાના પ્રિય ગદ્યલેખક વિશે અધ્યાહાર કેમ ? ત્યારે ભગતસાહેબે કહ્યું, 'મડિયા પોતે જ મડિયાનો પ્રિય ગદ્યલેખક છે !'

ચુનીલાલ મડિયાના અવસાન પછી મડિયાના મનોરાજ્ય નામનો એમનો સ્મૃતિગ્રંથ પ્રગટ થયો હતો. સર્જકતાનો અસાધારણ ઉન્મેષ ધરાવતી 'મડિયાનું મનોરાજ્ય' સમી કૃતિઓમાંથી પસાર થતાં સૌરાષ્ટ્રની ધરતીના એક પ્રદેશની, એની પ્રકૃતિ, લોકો, ભાષા અને સમૂહગત જીવનની લીલુડી ધરતીનો ભાવ-અનુભવ એમની જન્મશતાબ્દી સમયે ચિત્તસંતર્પક બની રહે છે.

**— કુમારપાળ દેસાઈ**

# મૈત્રીભાવનો સેતુ

યુરોપ ખંડના છેક પશ્ચિમ અને દક્ષિણ સીમાડાને આવરતો છેવાડાનો દેશ સ્પેન. આ સ્પેનને છેક દક્ષિણ છેડે આવેલો આન્દાલુસિયા નામનો પ્રદેશ. આન્દાલુસિયાના પથરીલા પર્વતો અને એ પર્વતોના તૃણાચ્છાદિત ગૌચર ઢોળાવો ફરતે પથરાયેલા નકશીદાર પાલવ જેવો દરિયો, અહીં વસેલું એક અલગારું ગામ - એનું નામ મલાગા. આ મલાગામાં એક અઠવાડિયું રહેવાનું થયું, ત્યારની આ વાત. એ દિવસે ભૂમધ્ય સમુદ્ર અને ઍટલાન્ટિકના સંગમ પર રચાયેલી જિબ્રાલ્ટરની સામુદ્રધુની પર યુરોપ ખંડની મધ્યમા આંગળીના ટેરવા જેવા તરીફા બંદરથી કૂદીને આફ્રિકા ખંડની ચોટલીને પકડવાનો કાર્યક્રમ હતો ! સમુદ્રસંગમ તો અગાઉ પણ જોયેલા : કન્યાકુમારી પર હિંદી મહાસાગર સાથે અરબી સમુદ્ર અને બંગાળના ઉપસાગરનો, કેપ ઑફ ગુડહોપ પર ઍટલાન્ટિક સાથે પૅસિફિક મહાસાગરનો, વળી સુએઝ કૅનાલ પર ભૂમધ્ય સાથે રાતા સમુદ્રનો માનવસર્જિત સંગમ પણ જોયો; પણ આ વખતની વાત નિરાળી હતી. આ વખતે ભૂમધ્ય સમુદ્ર અને ઍટલાન્ટિકના સંગમસ્થાન પર રચાયેલી જિબ્રાલ્ટરની સામુદ્રધુનીને માત્ર જોવાની નહોતી, એને પાર પણ કરવાની હતી અને એમ કરતાં યુરોપ ખંડને દક્ષિણ છેડેથી આફ્રિકા ખંડની ટોચ પર કૂદવાનું હતું. એક ખંડથી બીજા ખંડ પર કૂદતાં કૂદતાં અનંત સુધી દોડી જઈ શકાતું હોય તો કેવી મજા પડે ! અમારી એ બાલિશ કલ્પના આજે અંશતઃ સાકાર થવાની હતી.

પાછલી રાતને અંધારે અંધારે અમારી બસ સ્પેનને છેક દક્ષિણ છેડે વસેલા તરીફા નામના ગ્રામબંદર તરફ પૂરપાટ દોડી રહી હતી. જરાક અંધારાં ઓસર્યાં ને અમારી આંખ ખૂલી, ત્યાં દૂર દરિયામાં એકાકી પહાડ જેવો ખડક - રૉક ઑફ જિબ્રાલ્ટર દેખાવા લાગ્યો. અડગતાની મિસાલ 'રૉક ઑફ જિબ્રાલ્ટર' ! કેટલી આશ્ચર્યજનક વાત છે કે, માત્ર સાડા છ ચોરસમાઈલનો વિસ્તાર ધરાવતા જિબ્રાલ્ટરના આ પથ્થરિયા ટાપુ પર પચાસ હજાર વર્ષથી ઈન્સાન વસે છે ! પાષાણ યુગનો અણઘડ માનવ કઈ રીતે પહોંચ્યો હશે અને ટકી રહ્યો હશે આ એકાકી ચટ્ટાન જેવા ટાપુ પર ? માનવજીવનનો ઈતિહાસ જેટલો વિસ્મયકારક તેટલો જ રોમાંચક છે.

અમે તરીફા પહોંચ્યાં ત્યારે ગામ હજી જાગ્યું નહોતું. લાંબો સમય અહીં આધિપત્ય ધરાવનાર મૂર પ્રજાની સ્થાપત્યશૈલીની ઝલક આખા ગામ પર જોઈ શકાતી હતી. કહેવાય છે કે, મૂર લોકોના લોહીનો અણસાર અહીંની સ્ત્રીઓની આંખોમાં પણ જોવા મળે છે. ઊંચી ટેકરી પર ઊભેલો એનો નાનકડો પણ શાલીન કિલ્લો, દરિયા તરફ મીટ માંડીને ઊભેલી વિરહિણી જેવી દીવાદાંડી, પથ્થરની ફર્શ જડેલી ગલીઓ અને ધરતીને છેડે વસેલાં ગામોમાં અક્સર અનુભવ્યું છે, તેવું જરાક વિષાદઘેરું, શાંત વાતાવરણ ! વિશ્વવિખ્યાત લેખક પાઉલો કોએલ્હોના પુસ્તક 'અલકેમિસ્ટ'નો નાયક



- ભરવાડ છોકરો ગુપ્ત ખજાનાની ખોજમાં જ્યાંથી પિરામિડની દિશા શોધતો આફ્રિકા તરફ નીકળી પડે છે, તે આ તરીફા બંદર.

મોરક્કોના તાંજિયર શહેર સુધી લઈ જનારું અમારું નાનકડું જહાજ મુસાફરોથી ચિક્કાર હતું. અમે સીધાં ડેક પર ગયાં. હળવે હળવે દૂર સરી રહેલા તરીફા ગામ પરથી નજર હટાવી, દૂર દરિયાપાર આફ્રિકાના નકશાની રેખાઓ શોધી જોઈ, પણ હજી મંગળદર્શનનું મુહૂર્ત પાક્યું નહોતું. અમારું ધ્યાન દરિયાનાં પાણી તરફ ખેંચાયું. અરે, આ પાણી કેટલાં શ્યામ હતાં ! જેમ જેમ આગળ જતાં ગયાં તેમ તેમ કાળો રંગ એટલો ઘટ્ટ થતો ગયો કે, જાણે કોઈએ આખા ને આખા મહાસાગર પર કાળી તાડપત્રી ન બિછાવી હોય ! જહાજ પાણી કાપે, ત્યાં જરાક ફીણ ફીણ જેવી સફેદી ઊભરે, બાકી ચારે કોર કાળું કાળું ને કાળું જ પાણી દેખાતું હતું. આ પાણી આટલાં કાળાં કેમ હશે ? કદાચ સમુદ્ર અહીં ખૂબ ઊંડો હોવો જોઈએ. ઊંડાણની આટલી અને આવી ગાઢ શ્યામલતા પહેલી વાર જોઈ. ખૂબ એટલે કેટલો ઊંડો હશે દરિયો અહીં ? માણસની સમજ અને શક્તિનો ઉપહાસ કરતાં હોય, તેમ કાળાં પાણી મલકાઈ રહ્યાં હતાં.

કૅફેટેરિયામાં જગ્યા ઓછી હતી, એટલે અમારા ટેબલ પરની ખાલી જગ્યા પર એક કૅનેડિયન યુગલ જોડાયું. એમની સાથેના એમના મિત્રો બાજુના ટેબલ પર બેઠા હતા. ટેબલ ઘણાં નજીક હતાં. બંને ટેબલ વચ્ચે સહેલાઈથી વાત થઈ શકતી હતી. ઔપચારિક વાતો ને ઓળખાણ પછી નાસ્તાનાં પૅકેટ ખૂલ્યાં. આપણી પરંપરા પ્રમાણે અમે પહેલાં મહેમાનને નાસ્તો ધર્યો. કૅનેડિયન ભાઈને એ ભાવ્યો એટલે એ તો ટેસથી ખાવા લાગ્યા, પણ એમની પત્ની જોઆનને આ વાત જરાય પસંદ ન પડી. એના ચહેરા પર ગુસ્સો અને અણગમો ઊભરાઈ આવ્યો. એ નીચું જોઈને કંઈક ગણગણતી રહી, પણ પતિદેવ તો એને ચીડવવા વધુ ને વધુ ટેસથી ખાવા લાગ્યા ! બાજુના ટેબલ પર બેઠેલા એમના મિત્રોને પણ ગમ્મત પડી. જોઆનથી રહેવાયું નહીં, એ રિસાઈને બહાર ચાલી ગઈ. તાનમાં ને તાનમાં શ્રીમતીજીને ખીજવ્યા પછી પતિદેવ ગભરાયા ને




જોઆનને મનાવવા ઊઠ્યા. બારીમાંથી દેખાતું હતું કે, જોઆન આગળ ચાલતી જાય ને એનો પતિ પાછળ પાછળ, પણ માની જાય એ બીજા ! થોડી વાર બંને દેખાતાં બંધ થયાં અને ડેક પર ખોવાઈ ગયાં. થોડી વાર પછી અમે ડેક પર ફરવા ગયાં ત્યારે જોયું કે જોઆન એક ખૂણામાં પતિના ગળે હાથ વીંટાળીને બેઠી બેઠી સમુદ્રને જોઈ રહી હતી. એની ગોળ મોટી હૅટ હવામાં ફરફરી રહી હતી. હાશ, સમાધાન થયું ખરું ! અમે રાહતનો દમ લીધો. એ લોકોને ખલેલ ન પહોંચે એટલે અમે બીજી તરફ વળ્યાં જ, ત્યાં જોઆનની બૂમ સંભળાઈ : એ કહેતી હતી, ‘અમારી સાથે ફોટો પડાવવા આવો ને, પ્લીઝ!’ અંતે અમારી સાથે પણ સમાધાન થઈ રહ્યું હતું.

ફોટો પડાવ્યા પછી જોઆન કહેવા લાગી, ‘તમે ખોટું ન લાગડશો, પ્લીઝ. અજાણ્યો ખોરાક પચે નહીં ને એની તબિયત બગડે તો આખા પ્રવાસની મજા ધૂળધાણી થઈ જાય, બસ, એટલી જ બીક, બાકી તમારી સામે મને કોઈ વાંધો ન હતો.’ અમે કહ્યું, તારી વાત સાવ સાચી, અમને પણ તારાથી મનદુઃખ થયું નથી. અને હવે એણે ખાઈ જ લીધું છે,  તો તું ચિંતા ન કરતી, અમે બંને ડૉક્ટર છીએ અને સાંજ સુધી સાથે જ છીએ. કદાચ એને અમારી દવા ખાવી પડે, તો તું ફરીથી રિસાઈ ન જતી ! સાંજ સુધી અલપઝલપ મળતાં રહ્યાં ને અલકમલકની વાતો થતી રહી. સફર પૂરી થવા આવી ત્યારે છેલ્લે મેં દૂર ખૂણામાં અક્કડ કમ્મર અને ખૂબસૂરત નાક-નકશાવાળી જોઆનને ક્ષિતિજ તરફ તાકતી બેઠેલી જોઈ. હું એની વિદાય લેવા ગઈ. ફરી મળવાની ને સંપર્કમાં રહેવાની શુભેચ્છાઓ પરસ્પર વ્યક્ત થઈ. મેં કહ્યું, ‘તને પજવવા બદલ ફરી સૉરી કહી દઉં ને ?’ એ હસી. કહેવા લાગી, ‘હવે તો હું જ તારો નાસ્તો ખાવા ખાસ ઇન્ડિયા આવીશ !’ સમુદ્રોના સંગમસ્થાને સ્ટ્રેઇટ્સ ઑફ જિબ્રાલ્ટરનાં પાણી જેટલો જ ઊંડો મૈત્રીભાવ પ્રગટ્યો હતો, નામે જોઆન !

**– ભારતી રાણે**

# ઑનલાઇન શિક્ષણ : ભવિષ્યની સમસ્યાઓ

એક અતિ સૂક્ષ્મ વિષાણુ કોવિડ-૧૯ના કારણે માનવજાતનું રોજિંદું જીવન સાવ ખોરંભાઈ ગયું અને બધાને માટે ફરજિયાત ઘરમાં પુરાઈ રહેવાની અકલ્પ્ય પરિસ્થિતિ સર્જાઈ. ભારતમાં માર્ચ-૨૦૨૦થી બંધ પડેલાં શાળા-કૉલેજ - શૈક્ષણિક સંસ્થાના વર્ગો ૨૦૨૧ના ઑગસ્ટ મહિના પછી ક્રમશઃ ખૂલી રહ્યાં છે. કોવિડની મહામારી દરમિયાન શૈક્ષણિક ક્ષેત્રે સૌથી ગંભીર મુશ્કેલીનો સામનો કર્યો છે. વિદ્યાર્થીના સ્વાસ્થ્ય અને અભ્યાસના વિકલ્પોમાંથી આરોગ્યની જાળવણીને અગ્રતા આપી. આ નિર્ણય વ્યવહારુ અને સૂઝભર્યો હતો. કોરોનાએ આપણને ઘણું શીખવ્યું. પરંપરાગત રીતે થતી ઘણી બાબતોમાં ખૂબ મોટું પરિવર્તન આવ્યું.

કોરોનાની મહામારીએ આપણને ઘણા નવા શબ્દોનો ઉપયોગ કરતા કર્યા છે. લૉકડાઉન બાદ કોરોના વૉરિયર્સ અને પછી આવે છે 'ઑનલાઇન'. મોટી મોટી કંપનીઓ ડિરેક્ટરોની બોર્ડની બેઠક, સંસ્થાઓની મિટિંગો, વેબિનાર, પ્રવચનો - એમ અનેક કામગીરી ડિજિટલ પ્રસારણ અને સાધનોની મદદથી કરવામાં આવી. પરસ્પરની પ્રત્યક્ષ હાજરી કે સંપર્ક વિનાની આભાસી (વર્ચ્યુઅલ) ઉપસ્થિતિ સાથે અનેક કામો સુપેરે પાર પડ્યાં. નવી શિક્ષણનીતિ ૨૦૨૦ના ૨૨ મુખ્ય ઉદ્દેશોમાંનો એક હેતુ એ છે — 'શિક્ષણમાં ટૅક્નૉલૉજીનો પ્રચુર પ્રમાણમાં ઉપયોગ કરવો.' યોગાનુયોગ આ હેતુ સિદ્ધ કરવામાં કોવિડ-૧૯ની મહામારી નિમિત્ત બની. આપણો દેશ ઑનલાઇન શિક્ષણ માટે 'ડિજિટલ ઇન્ડિયા' યોજના હેઠળ સારી રીતે તૈયાર હતો. આ ટૅક્નૉલૉજિકલ સુવિધા માટે નવ બાબતો અંગે નોંધપાત્ર પ્રગતિ થઈ હતી.

૧. સાર્વત્રિક અને વિશાળ ધોરણે ઉત્તમ બ્રૉડબેન્ડ હાઈવેની સ્થાપના.

૨. સૌ માટે મોબાઇલ (સ્માર્ટફોન) દ્વારા ડિજિટલ સંવાદ માટેની સવલતો.

૩. તમામ જાહેર સ્થળોએ ઇન્ટરનેટ સાથે જોડાવાની વ્યવસ્થા.

૪. ઈ-ગવર્નન્સ - ડિજિટલ માધ્યમથી સરકારી વહીવટમાં શ્રેણીબદ્ધ સુધારાઓ.

૫. ઈ-ક્રાંતિ કાર્યક્રમ હેઠળ તમામ સેવાઓ — બૅન્કિંગ, શિક્ષણ, પત્રવ્યવહાર, હિસાબો, ઑડિટ, વ્યાપાર વગેરે ડિજિટલ સાધનો અને કાર્યક્રમોનું (પ્રોગ્રામ અને સૉફ્ટવૅર) સંચાલન.

૬. તમામ માટે માહિતી સુલભ કરવી.

૭. ઇલેક્ટ્રૉનિક્સ ઉપકરણોનું ઉત્પાદન.

૮. નોકરી માટે ઇન્ફર્મેશન ટૅક્નૉલૉજીનું જ્ઞાન-કૌશલ્ય જરૂરી બનાવવાં.

૯. સંશોધનોનો ત્વરિત લાભ લેવો.

આ નવ બાબતોને ડિજિટલ ઇન્ડિયાના મુખ્ય આધારસ્તંભો માનવામાં આવી છે. આ અંગે પ્રગતિ સારી છે, છતાં હજી આપણે ઘણો લાંબો પંથ કાપવાનો છે.



ઑનલાઇન શિક્ષણની વ્યાખ્યા પ્રમાણમાં સરળ છે. ઑનલાઇન શિક્ષણ એટલે સ્થળ કે અંતરને અતિક્રમીને શિક્ષક વિદ્યાર્થીઓ સાથે ઇન્ટરનેટના માધ્યમથી દૃશ્ય-શ્રાવ્ય ધોરણે અભ્યાસ કરાવે છે તે પ્રક્રિયા. હાલની ઑનલાઇન શિક્ષણપદ્ધતિ - ડિજિટલ કૅમેરા, લૅપટૉપ, સ્માર્ટફોન, ટેલિવિઝન, કમ્પ્યૂટર વગેરે સાધનો પર આધારિત છે. ટેલિવિઝન અગાઉ વિશાળ પાયા પર સંદેશા, સંગીત, સમાચારના પ્રસારણમાં રેડિયોની ભૂમિકા ખૂબ મહત્ત્વની બની હતી. તેનો શૈક્ષણિક ઉપયોગ કે પ્રભાવ મર્યાદિત રહ્યો. ટેલિવિઝનમાં દૃશ્યો અને અવાજ - પછી તો રંગીન ચિત્રો આવતાં તેની લોકપ્રિયતા ખૂબ વધી ગઈ.

અમેરિકા જેવા મૂડીવાદી દેશે ટેલિવિઝનને વેચાણ વધારવાનું સાધન માન્યું. સોપ ઓપરા - જેને આપણે સિરિયલ કહીએ છીએ તેના મૂળમાં જાહેરાતથી કમાણી કરી લેવાની વૃત્તિ છે. ભારતમાં ખાસ કરીને ઇસરો દ્વારા પીજ ગામેથી પ્રસારણની વ્યવસ્થાનો પ્રારંભ કરાવતાં જાણીતા વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈએ કહ્યું હતું, 'જો આપણે ટેલિવિઝનને મનોરંજનના માધ્યમ તરીકે જોઈશું તો તેની શિક્ષણક્ષેત્ર માટે રહેલી અમાપ ક્ષમતા ચૂકી જઈશું.' ૧૯૯૦ બાદ મૂડીવાદના પ્રારંભ બાદ આપણે ત્યાં હજારો ખાનગી ટેલિવિઝન ચૅનલો શરૂ થઈ છે. આ ચૅનલો - સિરિયલો (સામાજિક, ધાર્મિક, બાળકો માટે) અને ગુનાના સનસનાટીભર્યા સમાચારો આપવા અને ફેલાવવામાં મોટી ભૂમિકા ભજવે છે. સમાચાર અને તજ્જ્ઞોની ચર્ચા તો ઘણાને માથાનો દુઃખાવો આપે છે. શિક્ષણ, આરોગ્યના કાર્યક્રમોનું પ્રમાણ અલ્પ છે.

ઑનલાઇન શિક્ષણમાં ઇન્ટરનેટ અને ક્યાંક ટેલિવિઝનનો અસરકારક ઉપયોગ થયો છે. ઑનલાઇન શિક્ષણના લાભ-ગેરલાભનો વિચાર કરીએ, તો આપણે ઑનલાઇન શિક્ષણના ભવિષ્યનો, તેનાથી ઉદ્‌ભવતી સમસ્યાઓના નિરાકરણનો પ્રશ્ન સમજી શકીએ.

ઑનલાઇન શિક્ષણનો સૌથી મોટો ફાયદો એ છે કે ઘેર બેઠાં બાળક વર્ગના અલગ સ્વરૂપ સાથે શિક્ષક જોડે સંવાદ સહિત ભણી શકે છે. ઑનલાઇન શિક્ષણમાં શાળા-કૉલેજોએ ટાઇમટેબલ — સમયપત્રક પદ્ધતિ અપનાવી, પણ ડિસ્ટન્સ ઍજ્યુકેશન, વિશ્વની નામાંકિત યુનિવર્સિટીઓ 'મૉડ્યુલર' હપતાવાર પાઠો તૈયાર કરી યૂ-ટ્યૂબ કે વેબસાઇટ પર મૂકી દે છે. ઑનલાઇન શિક્ષણના વર્ગોનું રેકૉર્ડિંગ (દસ્તાવેજીકરણ) સરળ હોવાથી વિદ્યાર્થી તેને સાચવીને અનુકૂળતાએ તેનો ઉપયોગ કરી શકે છે.

ઑનલાઇન શિક્ષણનો બીજો લાભ એ છે કે શિક્ષક માત્ર વર્ગ માટે જ નહીં, પણ

સમગ્ર વિશ્વ જોઈ શકે તે રીતે પોતાનું જ્ઞાન અને કૌશલ્ય અગણિત વિદ્યાર્થીઓ-વ્યક્તિઓ સુધી પહોંચાડી શકે છે. ઑનલાઇન શિક્ષણનો ત્રીજો મહત્ત્વનો મુદ્દો એ છે કે કોઈ પણ વિષય શીખવવા માટે એક જ શ્રેષ્ઠ શિક્ષક પૂરતો છે. વર્ગની કલ્પના છોડી દેવાની પદ્ધતિની શરૂઆત શ્રી અરવિંદ આશ્રમ, પુદુચેરીએ કરી હતી. આજે મુદ્દાવાર શિક્ષણ માટે ગૂગલ-વિકીપીડિયા જેવી સાઇટ પર માહિતીનો ખજાનો નિઃશુલ્ક અને સરળ રીતે ઉપલબ્ધ છે.

ઑનલાઇન શિક્ષણ જો વેબસાઇટ પર સતત મળી શકે તો વિદ્યાર્થીઓ સ્વાધ્યાયથી અનેક નવી બાબતો સહેલાઈથી શીખી શકે છે. ઑનલાઇન શિક્ષણ એ એક ગુરુચાવી છે. તેના ઉપયોગથી આપણે શિક્ષણક્ષેત્રની અનેક સમસ્યાઓનો ઉકેલ કરી શકીએ છીએ.

ઑનલાઇન શિક્ષણને તેની આગવી મુશ્કેલીઓ – સમસ્યાઓ છે. આમાં સૌથી મહત્ત્વની બાબત છે શિક્ષકની ઑનલાઇન શિક્ષણ માટેની સજ્જતા. વર્ગમાં પ્રત્યક્ષ હાજરી, સીમિત જગ્યામાં વિદ્યાર્થીસમૂહ હોવાથી શિક્ષકનું વક્તવ્ય એકાગ્રતાથી સાંભળે છે. ઑનલાઇનમાં ઘરે બેસેલા વિદ્યાર્થી માટે ખલેલ પડવાનો અવકાશ ઘણો વધારે હોય છે. ઑનલાઇન શિક્ષણની બીજી સમસ્યાઓ એ છે કે તેમાં વર્ગમાં વિદ્યાર્થીઓ વચ્ચે જે સંપર્ક, સંવાદ અને અંગત ઉષ્મા હોય છે તેનો અભાવ હોવાથી વિદ્યાર્થીઓ કંટાળો અનુભવે છે. ઑનલાઇન શિક્ષણ સાથે સંકળાયેલ ત્રીજો પ્રશ્ન એ છે કે તેમાં બાળકમાં સામાજિક વૃત્તિ અને અરસપરસના વ્યવહારની કુશળતાનો વિકાસ થતો નથી. ઑનલાઇન શિક્ષણમાં ઇલેક્ટ્રૉનિક પડદા સામે સતત બેસવાથી આંખ, મગજ અને સ્નાયુઓ અંગે મુશ્કેલી સર્જાય છે. આ ઉપરાંત જે ઝડપથી ચિત્રો બદલાય છે તેનાથી એકાગ્રતાને પણ વિપરીત અસર થાય છે.

ઑનલાઇન શિક્ષણની એક મર્યાદા એ પણ છે કે તેમાં સતત વીજપુરવઠો, મોંઘાં સાધનો અને વિશાળ નેટવર્કની જરૂરિયાત રહે છે. દેખીતી રીતે ઑનલાઇન શિક્ષણ કરકસરયુક્ત, પ્રદૂષણનિવારણમાં ઉપયોગી અને આગવી સવલત-ક્ષમતા ધરાવે છે તે હકીકત છે, આમ છતાં ઑનલાઇન શિક્ષણ વર્ગશિક્ષકનો વિકલ્પ નથી. હા, ઑનલાઇન શિક્ષણ પૂરક પદ્ધતિ તરીકે, સ્વાધ્યાય માટે, વિશાળ માહિતી મેળવવામાં ઉપયોગી છે.

ઑનલાઇન શિક્ષણ અને વર્ગખંડના શિક્ષણ વચ્ચે સંતુલન સાધીને બંનેના લાભોને અપનાવીને આપણે એક નવો ઢાંચો નિર્માણ કરીશું. આ માટે શિક્ષકોની તાલીમ, સજ્જતામાં વધારો, શીખવવાની અને મૂલ્યાંકનની પદ્ધતિમાં સુધારણા સાથે સૌથી વધારે અગત્યની બાબત વિવેકબુદ્ધિથી નીરક્ષીર-ન્યાય સાથે એક ઉત્તમ વ્યવસ્થા નિર્માણ કરવાનો અવસર છે. આ પરિવર્તનનો તબક્કો છે. સમસ્યાઓનું નિરાકરણ કરી શિક્ષણને સુદૃઢ બનાવવાનો પડકાર ઝીલી એક નવા વાતાવરણનું સર્જન કરીએ. વર્ગમાં અભ્યાસ અને ઑનલાઇન શિક્ષણનાં સારાં પાસાંઓનું સંયોજન કરી ભાવિ પેઢી માટે ઉપયોગી થાય તેવી બાબતમાં સૌને વિચારતા કરી દીધા છે. શિક્ષણવિદો અને શિક્ષકોએ સમય સાથે ઝડપથી બદલાતી ટૅક્નૉલૉજી સાથે તાલમેળ કરવાનો છે.

**– પ્રવીણ ક. લહેરી**

# ઓળખીએ ફેસબુકના અસલી ચહેરાને !



ફ્રાન્સિસ હાઉજેન

'ફેસબુક કમાણી કરવા માટે લોકોનાં અંગત જીવનની બાબતો(પ્રાઈવસી)ને જોખમમાં મૂકે છે. ફેસબુકના અલ્ગોરિધમ ભાગલાવાદી છે. એમાં આવતી નફરત ફેલાવતી સામગ્રી સામે માત્ર દેખાવ પૂરતી કાર્યવહી થાય છે. એમાં ઉશ્કેરણીજનક પોસ્ટને કંપની ઉત્તેજન આપે છે, કારણ કે તેનાથી પ્લૅટફૉર્મ ઉપર લોકોની સક્રિયતા વધે છે અને તેનો સીધો ફાયદો ફેસબુકને મળે છે.

અન્ય સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મથી સતત આગળ રહેવા માટે ફેસબુક તેના પ્લૅટફૉર્મમાં વિવાદિત પોસ્ટને વધારે ચગાવે છે. ડેટા પ્રાઈવસીના નામે પણ ફેસબુકમાં મોટી ગરબડો ચાલી રહી છે. કરોડો વપરાશકારોનો ડેટા જોખમમાં મુકાયો છે. ફેસબુક તેની રખેવાળી માટે સાવ બેપરવા છે. એની પાસે ઉશ્કેરણીજનક પોસ્ટને ઓળખી કાઢવા માટે કોઈ ચુસ્ત કે સુદૃઢ વ્યવસ્થા નથી. લોકોની કે એકબીજા દેશોની જાસૂસી થતી રોકવા માટે આ કંપનીએ ખાસ કોઈ પગલાં ભર્યાં નથી. અમેરિકન સરકારનાં બધાં જ સૂચનોને ફેસબુક અને તેના માલિક માર્ક ઝકરબર્ગ ઘોળીને પી જાય છે.'

આ શબ્દો છે ફ્રાન્સિસ હાઉજેનના. ફેસબુક સામે બાંયો ચડાવનારી મર્દાની ફ્રાન્સિસ હાઉજેન પાસે આ આરોપ લગાવવા માટે મજબૂત પુરાવા છે. એ માત્ર બેફામ વાણીવિલાસ નથી કરતી, પરંતુ દસ્તાવેજો અને પુરાવા ટાંકીને વાત કરે છે. અમેરિકાના સિક્યૉરિટી ઍન્ડ એક્સ્ચેન્જ કમિશન સામે ફ્રાન્સિસે ફેસબુકની આ નીતિરીતિને ખુલ્લી પાડી દીધી છે. ફેસબુકનું પ્લૅટફૉર્મ કેટલું ઘાતક છે એની તેણે વિગતે વાત શરૂ કરીને જગતને સાવચેત કર્યું છે. ફેસબુક સામે ફ્રાન્સિસે જાહેરહિતની આઠ ફરિયાદો દાખલ કરી છે. 'વૉલ સ્ટ્રીટ જર્નલ'માં ફ્રાન્સિસે ફેસબુક અંગે લેખ-શ્રેણી પ્રગટ કરી હતી અને એમાં વિવિધ દસ્તાવેજોના આધારે ગંભીર આરોપો લગાવ્યા છે.

ફેસબુક સામે બાંયો ચડાવનારી ફ્રાન્સિસ ખુદ ફેસબુકમાં ઉચ્ચ અધિકારી રહી ચૂકી છે. ફેસબુકમાં પ્રોડક્ટ મૅનેજર તરીકે કામ કરી ચૂકેલી ફ્રાન્સિસે એ અરસામાં નોંધ્યું કે કંપની વ્યાપક જાહેરહિતના ભોગે માત્ર સાંકડું સ્વહિત જુએ છે. ફેસબુકમાં કેટલીય ગરબડો ચાલે છે. એ જાણી-જોઈને પ્લૅટફૉર્મનો ગેરફાયદો ઉઠાવવાની મોકળાશ આપે છે. યુઝર્સના ડેટાની કોઈ પ્રાઈવસી જળવાતી નથી તો બીજી બાજુ મોટી કંપનીઓ

એ ડેટાનો ગેરવાજબી ઉપયોગ કરે છે. માતબર કમાણી રળવા માટે ફેસબુક કંઈ પણ કરી શકે છે. ફ્રાન્સિસે ફેસબુક અને તેના માલિક માર્ક ઝકરબર્ગની આ ચાલાકીને જગજાહેર કરવા માટે કંપનીમાં રહીને દસ્તાવેજો એકઠા કર્યા. અસંખ્ય દસ્તાવેજો હાથમાં આવ્યા પછી તેણે ફેસબુકનાં કાળાં કરતૂતો દુનિયા સમક્ષ જાહેર કર્યાં છે.

૩૭ વર્ષની ફ્રાન્સિસ હાઉજેન ડેટા એન્જિનિયર અને પ્રોડક્ટ મૅનેજર તરીકે ફેસબુક ઉપરાંત ટૅક્નૉલૉજીની અન્ય મોટી કંપનીમાં કામગીરી બજાવતી હતી. કમ્પ્યૂટર એન્જિનિયર ફ્રાન્સિસે ૨૦૧૧માં હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાંથી એમબીએની ડિગ્રી મેળવી હતી. પોસ્ટ ગ્રૅજ્યુએશન પછી તેણે સૌથી પહેલી નોકરી ગૂગલમાં કરી હતી. ગૂગલ ઍડ્સ અને ગૂગલ બુક સર્ચના ડેવલપમેન્ટમાં તેની મહત્ત્વની ભૂમિકા રહી. એ પછી થોડો વખત પિન્ટરેસ્ટમાં પણ કામ કર્યું. ૨૦૧૮થી તે ફેસબુકમાં કાર્યરત હતી. થોડા મહિના પછી એ 'વ્હિસલ બ્લોઅર્સ'ના એક સંગઠનનો હિસ્સો બની હતી અને તેના પ્લૅટફૉર્મ પરથી પહેલી વખત તેણે ફેસબુક સામે ગંભીર આરોપો લગાવ્યા હતા.

ફેસબુક સામે અગાઉ પણ પ્રાઇવસીના મુદ્દે સવાલો ઊભા થયા હતા. ફેસબુકની જ માલિકીની વૉટ્સએપનો પ્રાઇવસી પૉલિસીનો મામલો ભારતમાં સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. એમાં ફેસબુક સામે આરોપ છે કે તે યુઝર્સને નવી પ્રાઇવસી પૉલિસી ધરાર સ્વીકારવાની ફરજ પાડે છે. બહેતર સર્વિસ આપવાના બહાને ફેસબુક એમાં ભારે ચાલાકી કરે છે. વારંવાર નોટિફિકેશન આપીને યુઝર્સને એ ફેરફારો સ્વીકારી લેવા જણાવે છે. એમાંથી મોટા ભાગના યુઝર્સે એને રૂટિન નોટિફિકેશન માનીને સ્વીકારી લીધા છે. નવી પ્રાઇવસી પૉલિસી સ્વીકારી લેવાથી યુઝર્સના ડેટાની સુરક્ષા જોખમમાં મુકાશે એવું કેન્દ્ર-સરકારે આપણી સર્વોચ્ચ અદાલતમાં કહ્યું હતું.

પ્રાઇવસી પૉલિસી બાબતે યુરોપિયન સંઘ ઉપરાંત ફ્રાન્સ, જર્મની, બ્રિટનની એજન્સીઓએ ફેસબુકને છેલ્લાં બે-ત્રણ વર્ષમાં અબજો ડૉલરનો દંડ કર્યો છે. એ પહેલાં ફેસબુકના સ્થાપક માર્ક ઝકરબર્ગની અમેરિકન સેનેટર્સની સમિતિએ ડેટા પ્રાઇવસી મુદ્દે પૂછપરછ કરી હતી. એ વખતે અમેરિકન સેનેટની સમિતિએ પૂછ્યું હતું : 'શું ફેસબુકના તમામ યુઝર્સના ડેટા સુરક્ષિત છે ?' જવાબમાં ઝકરબર્ગ એટલો જ જવાબ આપી શક્યા હતા : 'ચોક્કસ કહી શકાય તેમ નથી.'

કેમ્બ્રિજ ઍનાલિટિકા ડેટા લીક કૌભાંડમાં ફેસબુકની સંડોવણીનો પર્દાફાશ થયો ત્યારે પણ આવી જ ચકચાર જાગી હતી. એ સમયે દુનિયાના ૮.૭ કરોડ ફેસબુક યુઝર્સના ડેટા લીક થયા હતા. માર્ક ઝકરબર્ગે એ કેસમાં અમેરિકન કૉંગ્રેસ સમક્ષ માફી માગી હતી.

૨૦૧૯માં અમેરિકન સરકારી એજન્સી ફેડરેશન ટ્રેડ કમિશને બ્રિટનના માહિતી કમિશનને ફેસબુકને પાંચ લાખ પાઉન્ડ એટલે કે અંદાજે સાડા પાંચ કરોડ રૂપિયાનું વળતર આપવાનો આદેશ કર્યો હતો. વર્ષભર અલગ અલગ દેશોમાં પ્રાઇવસી સહિતના જુદા જુદા મુદ્દે ફેસબુકને દંડ થતો રહે છે, છતાં કંપની તેની પૉલિસીમાં કોઈ જ ફેરફાર કરતી નથી, કારણ કે અત્યારે દુનિયાભરમાં સોશિયલ મીડિયા કે આઇટીને

લગતા કાયદા ઘણા નબળા છે અને ફેસબુક સહિતની સોશિયલ મીડિયા કંપની તેનો લાભ ઉઠાવીને હેમખેમ નીકળી જાય છે.

ઘણા દેશોની ચૂંટણીઓમાં ફેસબુક આડકતરો પ્રભાવ પાડે છે એવો આરોપ વારંવાર થાય છે. કોઈ ચોક્કસ પક્ષની જાહેરાતો કે પોસ્ટને વધારે રીચ મળે છે અને અમુક પક્ષોની પોસ્ટ લોકો સુધી પહોંચતી નથી - એવી વ્યાપક ફરિયાદો ઊઠતી રહે છે. ફેસબુક ખાસ પ્રકારના ટૂલનો ઉપયોગ કરીને ખાસ સામગ્રીને પ્રમોટ કરે છે અને ચૂંટણીમાં જનમત કેળવવામાં મદદ કરે છે એવો આરોપ અમેરિકાની ૨૦૧૬ની ચૂંટણીમાં હિલેરી ક્લિન્ટનના સમર્થકોએ લગાવ્યો હતો. ૨૦૧૬ની ચૂંટણીમાં ટ્રમ્પની તરફેણમાં ફેસબુકે કામગીરી કરી હોવાથી સરકારી એજન્સીએ તપાસ પણ હાથ ધરી હતી; પરંતુ પછી ટ્રમ્પની જ સરકાર સત્તામાં આવી એટલે વાત ખોરંભે પડી ગઈ.

આ બધા જ મુદ્દે ફ્રાન્સિસે દસ્તાવેજો સાથે આરોપો મૂક્યા છે. ફ્રાન્સિસના દાવા પ્રમાણે કોઈ દેશની સરકાર ફેસબુકને વાંધાજનક સામગ્રી કે પ્રોફાઇલ સામે કડક કાર્યવાહીનો નિર્દેશ કરે તો ફેસબુક પગલાં ભરે છે. એવા એકાઉન્ટ્સને બ્લૉક કરવામાં આવે છે, પરંતુ એ કામગીરી માત્ર દેખાવ પૂરતી થાય છે. એમાંથી ઘણાં એકાઉન્ટ ફરીથી શરૂ કરી દેવામાં આવે છે. સૌથી મહત્ત્વનો મુદ્દો છે ડેટા પ્રાઇવસીનો. ડેટા ચણા-મમરાના ભાવે હવે વેચાવા લાગ્યા છે. કોઈ શહેર, રાજ્ય કે દેશના ડેટા અમુક રકમ આપવાથી મળી રહે છે. એ ચિંતાજનક વિષયમાં ફેસબુક પાસે અસરકારક વ્યવસ્થા ન હોવાનું પણ ફ્રાન્સિસે કહ્યું હતું. ફેસબુક તેના પ્લૅટફૉર્મ પર ચાલતાં બેફામ જૂઠાણાંને ઉત્તેજન આપે છે. શરૂઆતમાં ફૅક્ટ ચેકની સિસ્ટમ લાગુ કરવાનું કહીને ફેસબુકે આશા બંધાવી હતી, પરંતુ ફ્રાન્સિસના દસ્તાવેજોના આધારે દાવો થઈ રહ્યો છે કે કંપનીએ અંગ્રેજી સિવાયની અન્ય ભાષાઓમાં ફૅક્ટ ચેકની વ્યવસ્થાને મજબૂત બનાવવામાં ખાસ રસ દાખવ્યો નથી. કંપનીએ મોટા ભાગની ભાષાઓમાં ફૅક્ટ ચેકર રાખ્યા જ નથી.

આ સમસ્યા ઉપરાંત ફ્રાન્સિસે બીજો અગત્યનો મુદ્દો ઉઠાવ્યો છે - માનસિક સ્વાસ્થ્ય પર પડતા દુષ્પ્રભાવનો. ફ્રાન્સિસ કહે છે કે આ ફેસબુકે લોકોની માનસિક શાંતિ હણી લીધી છે. ફેસબુકમાં સતત સક્રિય રહેવાના કારણે દુનિયાના કરોડો લોકો માનસિક રીતે નબળા કે આક્રમક બની રહ્યા છે. અનિદ્રા, હતાશા જેવી માનસિક બીમારીઓ ફેસબુકના પ્લૅટફૉર્મમાંથી સીધેસીધી ઘરમાં અને ઘરની વ્યક્તિઓમાં પહોંચી રહી છે. આનાથી ચેતી જવાની સલાહ ફ્રાન્સિસે આપી હતી.

ખેર ! ૨૦૨૧માં શાંતિનું નોબેલ પારિતોષિક મેળવનારાં મહિલા પત્રકાર-લેખક મારિયા રેસાના ૨૦૧૩માં પ્રસિદ્ધ થયેલા એક પુસ્તકનું નામ છે : 'ફ્રોમ બિન લાદેન ટુ ફેસબુક : ૧૦ ડેય્ઝ ઑફ એબ્ડક્શન, ૧૦ યર્સ ઑફ ટેરરિઝમ' એમાં લાદેન અને ફેસબુકની લતની સરખામણી કરીને તેમણે વિવાદ સર્જ્યો હતો. પણ એમની દલીલો - વાત સાવ નકારી શકાય એવી તો નથી જ. આપણા મૂલ્યવાન સમયને સોશિયલ મીડિયા કંપનીઓ રોકડમાં ફેરવીને અબજો ડૉલરની કમાણી કરે છે, એ હકીકત સ્વીકાર્યા વગર છૂટકો નથી.

**– હર્ષ મેસવાણિયા**

# સહેલાં કામો અઘરાં છે !

અમદાવાદના ભરચક ટ્રાફિકમાં રસ્તો પાર કરવાનું કામ મને ખૂબ જ અઘરું લાગે છે એ વિશે લખેલું. આ વાંચીને મારા ઘરના સભ્યો, મને ઓળખનારાં સ્વજનો, મિત્રો, પરિચિતો મારા પર લગભગ તૂટી જ પડ્યાં.

'આ એક કામ તમને અઘરું લાગે છે કહીને તમે તમારા લાખો વાચકોને ગેરમાર્ગે દોર્યા છે.' અમારા એક મિત્રે ઘેર આવીને મારો ઊધડો લીધો.

'વાચકોને ગેરમાર્ગે દોર્યા એમ કેવી રીતે કહી શકાય ? ઊલટું, ગાંધીજીની યાદ આપે એવી એ નિખાલસ કબૂલાત હતી.'

'આમાં બિચારા ગાંધીજીને ન સંડોવો. અત્યારે ગાંધીજીને વગોવવાની હરીફાઈ ચાલી રહી છે. તમે એમાં ન ભળો.'

'આમાં ગાંધીજીને વગોવવાની વાત ક્યાં આવી ? ચાલો, ગાંધીજીને જવા દો. પણ વાચકોને ગેરમાર્ગે દોરવાની વાત તમારા મનમાં કેવી રીતે આવી ?'

'કેમ ? આ એક કામ તમને અઘરું પડે છે એમ તમે કહો એટલે એવી છાપ પડે કે બાકીનાં કામો તમને આવડે છે. પણ અમે જાણીએ છીએ કે, તમને સહેલામાં સહેલાં કામોય આવડતાં નથી.'

'સાચી વાત છે.' મારાં પત્નીએ ઉત્સાહથી વાતમાં ઝંપલાવતાં કહ્યું : 'એમને સોયમાં દોરો પરોવતાંય આવડતું નથી.'

'હા, પપ્પાને બટન ટાંકતાં આવડતું નથી એવી ખબર તો મને હું સાસરે આવી એના પહેલા દિવસે જ પડી ગઈ હતી.' જગતની કોઈ વહુ સાસુ સાથે સંમત થવાનો ઉત્સાહ દાખવતી હોતી નથી, પણ આ બાબતમાં મારી પુત્રવધૂએ પણ મારાં પત્નીને ટેકો આપ્યો.

'દાદાજીને ઈસ્ત્રી કરતાં આવડતું નથી. થોડા દિવસ પહેલાં બર્થ ડે ગિફ્ટમાં આવેલું મારું શર્ટ દાદાજીએ બાળી નાંખ્યું હતું.' મારા પૌત્ર ઈશાને પણ ચર્ચામાં પ્રવેશ કર્યો. મારી પૌત્રી ઈપ્સિતા ત્યારે બોલતાં શીખી નહોતી પણ એ એવી રીતે મારી સામે જોઈ રહી હતી કે, એને પણ જાણે મારી અણઆવડતો અંગે પૂરી ખાતરી હોય !

છેવટે મારી અન્ય અણઆવડતોના કિસ્સાઓની પણ જાહેર કબૂલાત કરવાનું વચન આપ્યું ત્યારે જ ચર્ચાનો અંત આવ્યો. આજે એવી એક-બે વાત કહી રહ્યો છું.

એક વાર ઘેર હું એકલો હતો અને શર્ટને બટન ટાંકવાની જરૂર ઊભી થઈ. ઈસ્ત્રી કરેલું એક જ શર્ટ ઘરમાં હતું. પણ એનાં ત્રણ બટન સ્વર્ગવાસી થયાં હતાં. ધોબી પાસે ત્રણ શર્ટ હતાં, પણ એનો આવવાનો આજે વારો નહોતો. બીજા એક શર્ટમાં બધાં બટન હતાં પણ એ ઈસ્ત્રીવાળું નહોતું.

ઘરમાં સ્ત્રી આવી એ પહેલાં ઈસ્ત્રી આવી ગઈ હતી, પણ એક વાર મેં શર્ટ બાળી નાખ્યું પછી ઈસ્ત્રીસ્પર્શની મને મનાઈ ફરમાવવામાં આવી હતી. મારાં ભાઈ-ભાભીઓ

મારાં કપડાંને ઈસ્ત્રી કરી આપતાં હતાં, એટલે મને ઈસ્ત્રી કરતાં આવડ્યું જ નહિ. આ કારણે બટનવાળા પણ ઈસ્ત્રી વગરના શર્ટને ઈસ્ત્રી કરવા જતાં શર્ટ-દહનનો પ્રસંગ ઊભો થાય એવી શક્યતા હતી. હું પણ કદાચ – કદાચ નહીં ચોક્કસ – દાઝી જાઉં એવી પણ શક્યતા હતી. એના કરતાં બટન વગરના શર્ટને બટન ટાંકવાનો પ્રયોગ પ્રમાણમાં સહેલો અને નિર્દોષ છે એમ મને લાગ્યું. ઘણા પ્રયત્નને અંતે સોય-દોરો જડ્યાં, પણ બટન ન જડ્યાં. એટલે દાઢી કરવાની બ્લેડની મદદથી મેં બટનવાળા શર્ટમાંથી ત્રણ બટન છૂટાં પાડવાનો વિચાર કર્યો. આ કામ પણ હું માનતો હતો એવું સહેલું ન નીકળ્યું. કરવતની જેમ બ્લેડ ચલાવવા જતાં એક જગ્યાએ શર્ટ પર અને એક આંગળી પર કાપા પડ્યા. આંગળીમાંથી રક્તબિંદુઓ બહાર ધસી આવ્યાં.

ઊંચા ધ્યેય માટે લોહી વહેવડાવનારની પ્રશંસા થાય છે, પણ નાના ધ્યેય માટે લોહી વહેવડાવનારની જોઈએ એવી કદર થતી નથી, એ આપણા સામાન્ય અનુભવની વાત છે. આ અન્યાય છે પણ જગતમાં થઈ રહેલા અનેક અન્યાયોની જેમ આ અન્યાયનો પણ કોઈ ઉપાય નથી. ઊલટું, તે વખતે કોઈ હાજર હોત તો શર્ટ અને આંગળી કાપવા બદલ – ખાસ કરીને શર્ટ કાપવા બદલ – મને ભારે ઠપકો મળ્યો હોત. આયોડિનની શીશી મેં શોધી, પણ મળી નહિ, દરમિયાન આપમેળે જ લોહી નીકળતું બંધ થઈ ગયું એટલે ફરી શર્ટને બટન ટાંકવાના કામમાં ગૂંથાયો.

બ્લેડની મદદથી મેં બટનવાળા શર્ટમાંથી ત્રણ બટનનો વિયોગ તો કરાવ્યો, પણ એ બટનનો બટન વગરના શર્ટ સાથે સંયોગ કરાવવાનું કામ સહેલું નહોતું. બટન ટાંકવા માટે સોયમાં દોરો પરોવવો પડશે એવો ખ્યાલ આવ્યો. જગતમાં ઘણાં કામો અઘરાં છે એ હું બીજાના અને મારા – ખાસ કરીને મારા અનુભવથી જાણતો હતો. પણ સોયમાં દોરો પરોવવાનું કામ આટલું બધું અઘરું છે એનું જ્ઞાન મને તે દિવસે જ થયું.

વીજળીને ચમકારે મોતી પરોવવાની વાત ગંગાસતીના એક ભજનમાં આવે છે. આ ભજનનો રસાસ્વાદ કરવામાં અને કરાવવામાં મને કદી મુશ્કેલી નથી પડી, પણ સૂરજને અજવાળે સોયમાં દોરો પરોવવામાં મને ઘણી મુશ્કેલી પડી. સોયની શોધ કરનારની બુદ્ધિ માટે મને ઘણો આદર છે, પણ સોયનું નાકું રાખવામાં એણે પોતાની બુદ્ધિનો ખાસ ઉપયોગ કર્યો હોય એવું લાગતું નથી અથવા સોયનું નાકું બનાવવામાં એની બુદ્ધિ ખાસ ચાલી નથી એમ ત્યારેય મને લાગ્યું હતું અને આજેય લાગે છે.

સોયો ભરાવદાર શરીરવાળો હોય અને સોયની દેહલતા પાતળી હોય એમાં કવિતાતત્ત્વ રહેલું છે એ હું સ્વીકારું છું, પણ સોયનું નાકું આટલું બધું ઝીણું શા માટે રાખવું જોઈએ એ હું સમજી શકતો નથી. વળી, સોયા કરતાં સોય આટલી બધી નાની શા માટે બનાવવામાં આવી છે તે પણ મારી સમજમાં આવતું નથી. સોયા અને સોયનો શોધનાર પુરુષ જ હશે એવું સહેલાઈથી સાબિત થઈ શકે એમ છે. સ્ત્રી કરતાં પુરુષ ચઢિયાતો છે એવી પુરુષની માન્યતા સોય અને સોયાની ડિઝાઇનમાં પણ પ્રગટ થાય છે.

સ્ત્રી કરતાં પુરુષ હંમેશાં ચઢિયાતો છે એવું માનવામાં એક પુરુષ તરીકે મને ખાસ હરકત નથી. પણ સોય અને સોયાની બાબતમાં છૂટછાટ મૂકવા હું સંમત છું. હું સોયની લંબાઈ વધારવાના પક્ષમાં છું. સોય સોયા જેવી જ લાંબી હોય, તો એનું નાકું મોટું રાખી શકાય અને તો મારા જેવા મનુષ્યો એનો સહેલાઈથી ઉપયોગ કરી શકે. નારીવાદી

ચળવળ ચલાવનારાઓએ આ મુદ્દો ઉપાડી લેવો જોઈએ અને સોયા કરતાં નાની સોયનો બહિષ્કાર કરવાની સ્ત્રીઓને અપીલ કરવી જોઈએ. પણ આ બધું તો થાય ત્યારે ખરું, પણ તે દિવસે તો મારે નાની સોયના નાના નાકામાં દોરો પરોવવાની કુશળતા દાખવવાની હતી. મેં સોયમાં દોરો પરોવવાનો પ્રયત્ન આદર્યો. મેં પેલા કવિતાવાળા કરોળિયાની વાત યાદ કરી. આ કરોળિયો છ વખત નિષ્ફળ ગયા પછી સાતમા પ્રયત્ને જાળું બાંધવામાં સફળ થયો હતો. ઓગણપચાસ વખત નિષ્ફળ ગયા પછી પચાસમા પ્રયત્ને હું સોયમાં દોરો પરોવવામાં સફળ થયો; પરંતુ, સફળતા મેળવવા કરતાંય સફળતા જીરવવી વધારે કઠણ છે. હર્ષાવેશમાં હું શર્ટમાંથી છૂટાં પાડેલાં બટન લેવા ધસ્યો, એમાં પ્રિયતમના સ્નેહપાશમાંથી ધીરે રહીને સરકી જતી રસિક પ્રિયતમા જેવી સોય દોરા પાસેથી છટકી ગઈ. દોરાને છોડીને જતી રહેલી સોય શોધતાં જ મને થોડી વાર થઈ. આખરે સોય જડી. પણ પછી મને પરમ જ્ઞાન થયું કે હવે સોયમાં દોરો પરોવવાનો પુરુષાર્થ કરવાનો કશો અર્થ નથી. કારણ કે વીસેક મિનિટ પછી ધારો કે હું સોયમાં દોરો પરોવવામાં સફળ થાઉં તોપણ ફરી સોય દોરાનો ત્યાગ કરી દે અથવા આ વખતે દોરો રિસાઈને સોયમાંથી નીકળી જાય એવું નહિ જ બને એમ તો ન કહેવાય. અને ધારો કે સોય-દોરો સંપીને સુખેદુઃખે એકબીજા સાથે ટકી રહ્યાં તોપણ બટન ટાંકતાં બીજી પચીસેક મિનિટ તો થાય જ. આમ, કુલ પિસ્તાળીસ મિનિટ તો જાય જ. આ પછી જ્યાં જવાનું હતું ત્યાં જવાનો કશો અર્થ રહે નહિ.

આ જ્ઞાન થવાથી ખેલ પૂરો થયા પછી મદારી જેમ સરસામાન સંકેલી લે તેમ મેં અલબત્ત, ખેલ પૂરો થયા વગર જ, સરસામાન સંકેલી લીધો અને પુસ્તક વાંચવામાં પ્રવૃત્ત થયો. સોયમાં દોરો પરોવવો, બટન ટાંકવાં કે એના જેવાં બીજાં કામો તુચ્છ છે અને પુસ્તકો વાંચવાં એક દિવ્ય પ્રવૃત્તિ છે એવું હું નાની ઉંમરથી માનું છું. પણ આજ સુધી બીજાંઓને મનાવી શક્યો નથી એવું કહેતાં મને ઘણો ખેદ થાય છે, પણ એનો કશો ઉપાય નથી.

**– રતિલાલ બોરીસાગર**

## વાચકમિત્રોને

છેલ્લાં બાવીસ વર્ષથી ‘વિશ્વવિહાર’ આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦નું મ. ઑ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩ – એ સરનામે મોકલશો. ત્રણ વર્ષનું લવાજમ (૪૫૦ રૂ.) પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ કે ચેક **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો.

### ઈ-લવાજમની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

ઈ-લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સ એપ (9898042699) તથા પત્ર દ્વારા જાણ કરવી.

વિજ્ઞાન

# ટેક્નોલોજીમાં ખીલતું કલાસૌંદર્ય

નવરાત્રી, દિવાળી...જેવા આપણા ઉત્સવો મનને પ્રફુલ્લિત કરે છે. સાથે સાથે સામાજિક સંબંધોને સુદૃઢ બનાવવામાં મદદરૂપ થાય છે. આપણો કોઈ પણ તહેવાર હોય - તે કોઈ ને કોઈ કળાને પ્રોત્સાહિત કરે છે. નવરાત્રીના રાસ રૂપી સમૂહનૃત્ય કે ચિત્રકળાના પ્રતિનિધિ જેવી રંગોળી ઉત્સવ અને કળાના સંગમના નમૂનાઓ છે. આપણને કદાચ લાગે કે હવે રંગોળીની કળા અને તેનું મહત્ત્વ પહેલાં જેટલું નથી રહ્યું. ઘણી કળાઓ કાળની કેડીએ લુપ્ત થતી જાય છે - વિસરાતી જાય છે. કળા નિજાનંદ માટે કે પછી અર્થોપાર્જન માટે હોય છે. કોઈ પણ કળા પર હથોટી મેળવવા માટે લગન, ધગશ અને સમય માગી લે છે. આધુનિકતાના વાયરાની ઝપેટમાં ઘણી કળાઓ આવી ગઈ છે અને મૃતપ્રાય થઈ ગઈ છે. આપણો કળાવારસો વિસરાવા લાગ્યો છે. આજે ભવાઈ કે કઠપૂતળીનો ખેલ ભાગ્યે જ જોવા મળે છે. લુપ્ત થતી કળાને ટૅક્નૉલૉજીનો સધિયારો મળતાં તે ઓછા સમયમાં વધુ નાવીન્યસભર અને પ્રેક્ષ્ય બની જાય છે. કળાવારસો જાળવી રાખવામાં ટૅક્નૉલૉજીનું યોગદાન સતત રહ્યું છે. જેમાં કમ્પ્યૂટર ટૅક્નૉલૉજી અને રોબૉટિક્સના આગમને એક નવું જ પરિમાણ ઉમેર્યું છે. કળા અને ટૅક્નૉલૉજીના પ્રેમીઓએ આ બંનેનો સમન્વય સાધવાના પ્રયત્નો કર્યા છે. જોકે પહેલી દૃષ્ટિએ તો કળા અને ટૅક્નૉલૉજી બે અંતિમ છેડા હોય તેમ લાગે છે; પરંતુ થોડું ઊંડાણથી વિચારીએ તો કળા અને ટૅક્નૉલૉજીને ગાઢ સંબંધ છે. ઘણા વૈજ્ઞાનિકો સારા કલાકારો પણ હતા - છે. આપણા જાણીતા અને માનીતા મિસાઈલ-મૅન અબ્દુલ કલામસાહેબ વીણાવાદક હતા તો ઈસરોના પૂર્વચૅરમૅન શ્રી રાધાકૃષ્ણન કથકલી નૃત્યમાં પારંગત છે અને સાથે સાથે વાંસળી પણ વગાડે છે. સેક-ઈસરોના પૂર્વડાયરેક્ટર શ્રી પ્રમોદ કાળે નિજાનંદ માટે ચિત્રો બનાવે છે. મોઝાર્ટના ચાહક વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઇન વાયોલિનવાદક હતા. તેઓ કહેતા હતા કે જીવનમાં મને સૌથી વધુ આનંદ સંગીતમાંથી મળે છે. આમ આ યાદી ઘણી લાંબી થઈ શકે છે. કળાને જનમાનસ સુધી પહોંચાડવાનું ટૅક્નૉલૉજીનું ખૂબ મોટું પ્રદાન છે.



હોલોગ્રાફીની મદદથી હૂબહૂ પાત્રો રંગમંચ પર તાદૃશ્ય કરી નાટક ભજવવું કે પછી પાણીના ધુમ્મસભર્યા વાતાવરણ પર લેસરપુંજથી પાત્રો રચીને કોઈ દૃશ્ય ભજવવા જેવા ખેલથી આપણે

પરિચિત છીએ. આ પ્રકારના મનોરંજનના કાર્યક્રમો સામે કઠપૂતળીનો ખેલ ફિક્કો લાગે. જોકે તેમાં પણ કેટલીક વિવિધતા છે. એક સફેદ પડદાની પાછળ નાચતા ચામડાના કે પૂઠાંના આકારો તેની પાછળ ગોઠવેલા પ્રકાશ-સ્રોતને કારણે સફેદ પડદા પર પોતાની આભા ઊભી કરે છે. આ પ્રકારનો 'શેડો પ્લે' પણ કઠપૂતળીનો જ એક પ્રકાર છે. કઠપૂતળીઓ સાથે બાંધેલી દોરીને આંગળીઓથી ખેંચીને કે પછી તેની સાથે જોડેલી સળીઓને હાથથી લયબદ્ધ હલાવીને ખેલ કરવામાં આવે છે. આ વારસાગત કળા સાથે રોબૉટિક્સનું સંકલન કરીને કેરળના કળાકાર એન્જિનિયર સજીશ પુલાવરે તેમાં પ્રાણ પૂર્યા. ૨૦૧૫માં તેમને આ વિચાર આવ્યો હતો; પરંતુ સમયનો અભાવ અને વધુ ખર્ચને કારણે તેને અમલમાં મૂકી ન શકાયો. ૨૦૨૦ દરમિયાન કોવિડ-૧૯ના લૉકડાઉનના કારણે કઠપૂતળીઓનું સંચાલન રોબૉટ દ્વારા શરૂ થયું. તેમાં આંગળીઓ અને હાથનું સ્થાન રોબૉટે લીધું. તેમણે રામાયણના 'સીતાહરણ' પ્રસંગને આ રીતે સજીવન કર્યો જે લોકોને ખૂબ જ પસંદ પડ્યો.

આપણા દેશમાં દરેક પ્રદેશની એક વિશિષ્ટ ચિત્રકળા છે જે ત્યાંના ગ્રામીણ લોકોમાં સચવાયેલી પડી છે. તેમાંની કેટલીક ધીરે ધીરે વિસરાવા લાગી છે. કેટલાક ચોખલિયા લોકો કળા અને ટૅક્નૉલૉજીની દોસ્તીથી ડરે છે. રખે ને ટૅક્નૉલૉજી પારંપરિક કળાકારનું સ્થાન લઈ લે ! આ અંગે સ્ટીવ જૉબ્સનું કથન છે : 'ફક્ત ટૅક્નૉલૉજી પૂરતી નથી, તેની કળા સાથેની દોસ્તી અને માનવતા સાથેની મૈત્રીથી આપણું મન ખીલી ઊઠશે.' કળા અને ટૅક્નૉલૉજીના સમન્વયથી સર્જનાત્મકતા નવી જ ઊંચાઈ સર કરે છે. ડિજિટલ ટૅક્નૉલૉજીથી ફૉટોગ્રાફમાં થતા ફેરફારો વિશે આપણે પરિચિત છીએ. કળાકારે સર્જેલા ચિત્રને પહેલાં ડિજિટલરૂપમાં પરિવર્તિત કરીને કંઈક આ રીતે જ તેમાં પણ ફેરફાર કરી શકાય છે. આ રીતે ઝડપથી અને ઓછી મહેનતે જુદા જુદા પ્રકારનાં ચિત્રો મળે છે. વોલ્ટ ડિઝનીએ ઍનિમેશન દ્વારા ચિત્રોને જીવંત બનાવવાની કળાને એક નવી જ ઊંચાઈ આપી છે. ટૅક્નૉલૉજીએ આ કળાને સરળ બનાવી છે. અરે ! હવે તો કોઈ પણ ચિત્રને ટૅક્નૉલૉજી ચલચિત્ર બનાવી શકે છે. પારંપરિક ચિત્ર રચવા માટે ટૅક્નૉલૉજીનો 'ડિઝાઈન ટૂલ' તરીકે ઉપયોગ થાય છે. ચિત્રનાં વિભિન્ન તત્ત્વોને જુદી જુદી રીતે ગોઠવી એક નયનરમ્ય ચિત્ર ઊપસી આવે છે. કમ્પ્યૂટર અને ટૅક્નૉલૉજી આ સમગ્ર પ્રક્રિયાને ખૂબ ઝડપી બનાવે છે. અત્યારના સમયમાં ચિત્રકળા એટલી તો ટૅક્નૉલૉજી આધારિત થઈ ગઈ છે કે ભવિષ્યના ચિત્રકારો કદાચ બ્રશ, રંગ અને કૅન્વાસની મૂળ જરૂરિયાત કે રૂપને ભૂલી જશે. અલબત્ત, સાથે સાથે એ પણ એટલું જ સાચું છે કે બ્રશ-રંગનું સ્થાન ટૅક્નૉલૉજી ક્યારેય ન લઈ શકે, પરંતુ વિદ્યાર્થી માટે તે ઉપયોગી માધ્યમ સિદ્ધ થાય.

ચલચિત્ર કે સિનેમા કળાનું લોકપ્રિય માધ્યમ છે. શરૂઆતની ફિલ્મો મૂંગી અને શ્વેત-શ્યામ હતી. આ કળાનો વારસો જાળવી રાખવામાં આવ્યો છે. રંગીન સિનેમાના આગમને તે વધુ લોકપ્રિય બની. જૂની ફિલ્મોને રંગીન બનાવવાના પ્રયોગો શરૂ થયા. શરૂઆતના આ પ્રકારના પ્રયત્નો કંટાળાજનક અને ખૂબ જ ખર્ચાળ હતા. ૧૯૭૦માં કૅનેડાના ઇજનેર વિલ્સન માર્કલે શોધેલી કમ્પ્યૂટર આધારિત ડિજિટલ ટૅક્નૉલૉજીએ તેને

નવી દિશા આપી. ઉત્તરોત્તર આ ટૅક્નૉલૉજીમાં પ્રગતિ થતી રહી છે. શ્વેત-શ્યામ ચલચિત્રને રંગીન બનાવવાની પ્રક્રિયા તેની ડિજિટલ આવૃત્તિ પર કરવામાં આવે છે - નહીં કે કચકડાની તેની મૂળ ફિલ્મ પર. કમ્પ્યૂટરની મદદથી તેમાં રહેલી વિવિધ શ્યામ ઝાંય(Grey Shades)ને જુદા જુદા રંગોમાં બદલવામાં આવે છે. આ સૉફ્ટવૅર દરેક દૃશ્યની (frame to frame) પ્રકાશમાત્રાને પણ ઓળખે છે અને જરૂર જણાય તો યોગ્ય ફેરફાર પણ કરે છે. કમ્પ્યૂટરની મેમરીમાં કેટલાંક રંગ-સૂચનો સંગ્રહેલાં હોય છે; જેમ કે, આકાશ માટે ભૂરો, ઘાસ માટે લીલો, સફેદ રંગ વાદળો માટે, ત્વચાના વિવિધ રંગો. તેને આધારે આ કામ થોડું સરળ બને છે. આ ઉપરાંત રંગ પસંદ કરવા માટે જો કોઈ સંદર્ભ ઉપલબ્ધ હોય તો તેને આધારે રંગ પસંદ કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં દરેક ગ્રે શેડ માટે યોગ્ય રંગ પસંદ કરવો - તે એક સર્જનાત્મક પ્રક્રિયા બની રહે છે. એક વખત દરેક ગ્રે શેડ માટે ચોક્કસ રંગ નક્કી થઈ જાય પછી જ્યાં સુધી તેને બદલવામાં ન આવે અથવા તો તે પાત્ર કે પદાર્થ દૂર ન થાય ત્યાં સુધી તે સ્થાયી જ રહે છે અને આ રીતે ફિલ્મની આખી ડિજિટલ કૉપી રંગીન બની જાય છે. ભારતમાં હિન્દી ફિલ્મ ‘મુગલ-એ-આઝમ’ને ૨૦૦૪માં સૌપ્રથમ રંગીન ફિલ્મ બનાવવામાં આવી હતી. ઘણી વખત આ પ્રક્રિયાનો ખર્ચ ફિલ્મનિર્માણના મૂળ ખર્ચ કરતાં પણ વધી જતો હોય છે. અહીં ફિલ્મના વારસાને આધુનિક રૂપે રજૂ કરવામાં ટૅક્નૉલૉજી મદદરૂપ થાય છે. હા, ટૅક્નૉલૉજીની મદદથી તેના અવાજને પણ નવું રૂપ આપી શકાય છે. કંઈક આ પ્રકારની જ પ્રક્રિયાથી શ્વેત-શ્યામ સ્થિર છબીઓને રંગીન બનાવવામાં આવે છે.

વર્તમાન સમયમાં બહુઆયામી ટૅક્નૉલૉજીનો વ્યાપ ખૂબ વધી ગયો છે. નવી ટૅક્નૉલૉજી ઘણી વધારે સરળ છે, જેને કારણે સમાજનો દરેક વર્ગ તેનો ઉપયોગ કરતો થઈ ગયો છે. આ જ કારણે કોવિડ-૧૯ના વિકટકાળમાં પણ કળા સર્વસુલભ બની રહી. દાયકાઓથી અમદાવાદમાં દર વર્ષે યોજાતો શાસ્ત્રીય સંગીતનો બે અઠવાડિયાં સુધી ચાલતો સંગીત-મહોત્સવ આ સમયગાળા દરમિયાન ‘ઑનલાઈન’ યોજાયો. આ માટે ટૅક્નૉલૉજીનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

સાહિત્ય અને સ્થાપત્ય પણ કળાના નમૂનાઓ છે. આપણી સંસ્કૃતિ અને સંસ્કારને જાળવી રાખવા માટે ટૅક્નૉલૉજી તેની વહારે ધાય છે. વારસારૂપ પુસ્તકો એટલાં નાજુક થઈ જાય છે કે તેમની હેરફેર નથી કરી શકાતી. અરે ! ક્યારેક તો વારંવાર ખોલી પણ નથી શકાતાં. આમ સમાજનો એક મોટો વર્ગ આ અમૂલ્ય વારસાથી દૂર રહે છે. આભાર Optical Character Recognizer - OCR ટૅક્નૉલૉજીનો - જેને લીધે અલભ્ય પુસ્તકોનું ડિજિટલાઈઝેશન સરળ, સલામત અને ઝડપી બન્યું છે. ડિજિટલ ટૅક્નૉલૉજી અને નેટવર્ક સંચારપ્રણાલીને આધારે અલભ્ય પુસ્તકોનો કળાવૈભવ ઘર ઘરમાં પ્રકાશ ફેલાવે છે. અહીં એક ખાસ વાત નોંધવી છે કે ગુજરાતના ગૌરવ સમા ‘વિશ્વકોશ’ના પચીસેપચીસ ખંડો ટૂંક સમયમાં ટૅક્નૉલૉજી પર સવાર થઈને ઘર ઘરમાં પહોંચી જશે.

કોઈ પણ પરિસ્થિતિમાં ટૅક્નૉલૉજીના પ્રતાપે કળાનું ઝરણું અસ્ખલિત વહેતું રહે છે.

**– ચિંતન ભટ્ટ**

# સંતોના બાગનું એક મહેકતું પુષ્પ



સંતશ્રી ત્રિકમસાહેબ

સંતો તેમજ તેમની વાણીએ સમાજને હંમેશાં સંવાદિતા તેમજ સ્નેહપૂર્ણ સમન્વયની અમૂલ્ય ભેટ આપી છે. મધ્યયુગના અનેક સંતોની વાણીના પ્રતાપે આપણું સમાજજીવન વિશેષ ઊજળું થયું છે. બાહ્ય આક્રમણો કે વિપત્તિઓ સામે ટટ્ટાર ઊભું રહી શક્યું છે. ધર્માંધતા સામે સમાજને રક્ષણ તથા પ્રેરણા પૂરાં પાડ્યાં છે. અહીં કોઈ વિતંડાવાદને સ્થાન નથી. સાંપ્રદાયિક બંધનો પણ નથી. પરમ તત્ત્વ સાથે સીધો સંબંધ તેમજ સંવાદ છે. સંતોની દૃષ્ટિ સર્વસમાવેશક છે. 'અઢારે વરણ' સામે તેમની દૃષ્ટિ અમીભરી છે. જ્ઞાતિ કે સ્ત્રી-પુરુષનો ભેદ આ સંતોને સહેજ પણ મંજૂર નથી. કહેવાતાં સ્થાપિત મૂલ્યોને પડકારવા આ સંતો કેટલીક વાર બગાવતની વાણીમાં બોલ્યા છે.

ત્રિકમસાહેબ એ આ જ સંતોની ઊજળી આકાશગંગાનો એક સ્વયં પ્રકાશિત હિસ્સો છે. નરોત્તમ પલાણ ત્રિકમસાહેબને 'સમન્વયનું સંતાન' કહે છે તે સર્વથા ઉચિત છે. સંતોની આ પરંપરામાં મહેનતકશ વર્ગનાં અનેક નામો સામે આવે છે. આ સંતો પરજીવી નથી, રાજવીઓ કે શ્રેષ્ઠીઓની દયા પર નિર્ભર નથી, આ તો અલખધણીના આરાધક છે. બાવડાના બળે મજૂરી કરીને પોતાના કુટુંબનું ભરણપોષણ કરે છે. એટલું જ નહિ; પરંતુ અભ્યાગતને કદી ભૂખ્યો-તરસ્યો પાછો જવા દેતા નથી. કબીર વણકર છે, ધાગામાં જ્ઞાન પરોવીને જગતને ચકિત કરે છે. નામદેવ દરજીકામ કરે છે. રબારી સમાજના રતન સમાન દેવીદાસ દેહની પીડાથી ત્રસ્ત થયેલા અનેક દુઃખીજનોની ભાવથી સેવા કરે છે. આયરનાં દીકરી અમરમા સંસારના કોડ નાની ઉંમરે નિતારીને સંતનાં ચરણોમાં માનવસેવાનો ભેખ લઈને બેઠાં છે. ત્રિકમસાહેબ (૧૭૨૬-૧૮૦૧) પણ આ પરંપરાની ઊજળી ધરોહરને વિશેષ શોભાયમાન કરનાર ભક્ત છે, કવિ છે તથા સમાજસેવક પણ છે. તેઓ સમગ્ર સમાજ પર હેત-વર્ષા કરીને હરિને પામવાના પ્રયાસ કરે છે. સંત ત્રિકમદાસનો જન્મ વાગડ(કચ્છ)માં કાગનોરા ડુંગરની તળેટીમાં વસેલા રામવાવ ગામમાં થયો હોવાનું નોંધાયું છે. જેમનું સમાજ પર મોટું ઋણ છે તેવા રવિભાણ સંપ્રદાયના એ સુપ્રસિદ્ધ સંત છે. સમાજ જેને ઊતરતી જાતિ તરીકે ગણતો હતો તેવી જ્ઞાતિમાં ત્રિકમસાહેબ પ્રગટ્યા હતા. રવિભાણ સંપ્રદાયના  સંત એટલે પોતાના જ્ઞાનરૂપી સૂર્યથી તેઓ ઝળહળી ઊઠ્યા હતા. જાણીતો દુહો છે જે જાતિના બદલે જ્ઞાનનું વિશેષ મૂલ્ય છે તે સમજાવવા પ્રયાસ કરે છે :

*જાતિ ના પૂછો સાધુ કી,*
*પૂછ લિજિયે જ્ઞાન,*
*મોલ કરો તલવાર કા,*
*પડા રહન દો મ્યાન.*

ગુરુનું સ્થાન તથા માન એ રવિભાણ પરંપરામાં ખૂબ ઊંચું છે. ત્રિકમસાહેબ પણ રામગુરુનો પ્રસાદ પામ્યા છે. રામગુરુનું દર્શન એ ત્રિકમસાહેબના જીવનનો મહત્ત્વનો પડાવ છે. રામગુરુના ધૂણાને સંકોરતા તેમજ તેના પવિત્ર અગ્નિને સતત પ્રજવાળતા રહેતા ત્રિકમસાહેબ ભક્તિના ઊંડા રંગે રંગાયેલા છે. ત્રિકમસાહેબની આ ઉત્કટ ભક્તિના પ્રતાપે ખીમસાહેબ જેવા સમર્થ ગુરુ તેમને પ્રાપ્ત થાય છે. જગતની સચરાચર જીવસૃષ્ટિ તરફનો ભાવ એ સંતોના જીવનમાં વણાયેલી વૃત્તિ છે. ત્રિકમસાહેબ, તેમના પિતા તેમજ સમગ્ર પરિવાર ખેતી તથા વણાટકામમાં પરસેવો રેડીને પેટ ભરે છે. આ સ્થિતિમાં પણ તેમના અંતરની ઉદારતા ઘણી ઊંડી છે. ત્રિકમસાહેબની ઉદારતાનો ભાવ પ્રગટ કરતો એક કિસ્સો નોંધાયો છે. જીવમાત્ર તરફ અનન્ય ભાવ એ ત્રિકમસાહેબના લોહીમાં વણાયેલી બાબત છે. ગામડાંઓમાં ખેતી કરતા શ્રમિકો પોતાના પાકને બચાવવાના હેતુથી પંખીઓને ઉડાડવા માટે ખાસ વ્યવસ્થા કરતા હોય છે. માંચડા પર બેસીને પણ ખેડૂતો ગોફણની મદદથી દૂર સુધી નાના પથ્થર ઉડાડીને પંખીઓને ઊભા પાકના દાણા ચણતાં રોકતા હોય છે. પંખીઓ માટે તો આ ખુલ્લું તથા રેઢું પડેલું ધાન્ય એ જ જીવતર ટકાવવાનો એક માર્ગ છે. ત્રિકમસાહેબ પણ પોતાના ધાન્યથી લચી પડેલા બાજરાના પાકનું રક્ષણ કરવા બેઠા હતા. પોતે સંસારી હતા, પરંતુ સંસારની માયા-મમતાથી પર હતા. આથી આ ભોળાં પંખીઓને ઉડાડી મૂકવાની રીતથી તેઓનો આત્મા ડંખતો હતો, તેથી તેઓ તે પ્રમાણે કરતા ન હતા. આથી આસપાસના વિસ્તારનાં પણ તમામ પક્ષીઓ આ ઉદાર મનના ધરતીપુત્રની દયાવૃત્તિને કારણે નિરાંત કરીને દાણા આરોગતાં હતાં. પક્ષીઓની પ્રસન્નતાથી ત્રિકમસાહેબ વિશેષ પ્રસન્ન હતા. 'વિશાળે આ જગ વિસ્તારે નથી એક જ માનવી'વાળી કવિ ઉમાશંકરની જાણીતી પંક્તિના હૂબહૂ અમલની આ ઉત્તમ ઘડી હતી.

ત્રિકમસાહેબની આ ઘટનાના સંદર્ભમાં વિનોબાજીની ભૂદાનયાત્રાનો એક પ્રસંગ યાદ આવે છે. બાબા પોતાની દીર્ઘ પદયાત્રામાં ગામડાંઓ તેમજ ખેતરો ખૂંદતા વિચરણ કરતા હતા. વહેલી સવારના પહોરમાં તેઓ જોતા કે ઘણા ખેડૂતો પોતાનો ઊભો પાક ચણી જતાં પક્ષીઓને ઉડાડતા ન હતા. વિનોબાજી પદયાત્રામાં થોડો વિરામ લઈને ખેડૂતોને પૂછે છે કે, તેઓ પોતાના પાકને નુકસાની કરતાં આ પક્ષીઓને ઉડાડતા કેમ નથી ? ખેડૂતો વિનયથી જવાબ આપે છે : 'બાબા, આ તો રામ પ્રહર છે. વહેલી સવારના આ પ્રહરમાં તો પક્ષીઓને ઉડાડી શકાય નહિ.' જાણ્યેઅજાણ્યે ભીતરમાં ભંડારેલી આ ભાવના પણ અગણિત સંતોની વાણીના પ્રભાવે વિકસી હશે તેમ જરૂર કહી શકાય. ત્રિકમસાહેબ જેવા સંતોની વાણીનું આજે પણ એટલું જ મૂલ્ય છે. તેમની વાણી ગંગોત્રીની ધારા સમાન નિર્મળ તથા જનહિતકારી છે. ડૉ. નાનાલાલ ગોહિલ તેમજ ડૉ. સુનિલ જાદવના અભ્યાસપૂર્ણ ગ્રંથોમાંથી અનેક સંતોનાં જીવન તથા કવનનું વિગતે દર્શન થાય છે. આ સંતો આપણા જીવનનું ચાલકબળ બન્યા છે. તેમના જીવનમાં જાત-પાત કે કોઈ સંપ્રદાયનાં બંધનો નથી. સંતોનો સમર્પણભાવ પ્રેમલક્ષણા-ભક્તિ તેમજ ગુણ પરત્વેનો છે. રામાનુજાચાર્યએ લખ્યું છે : न जातिः कारणं लोके गुणाः कल्याण हेतवः ।

**– વસંત ગઢવી**

# પ્રતિભાએ આપી પ્રેરણા



પ્રતિભા ક્રિશ્નૈયાહ

બૅંગાલુરુમાં મલ્ટિનૅશનલ કંપનીમાં ઊંચા પગારની નોકરી હોય તો પછી વ્યક્તિને જોઈએ શું ? પ્રતિભા ક્રિશ્નૈયાહ પાસે સારી એવી આમદની આપતી નોકરી અને જીવનમાં જોઈએ એટલી સુખ-સુવિધા હતી. આમ છતાં પ્રતિભાના દિલમાં સતત કોઈ અસંતોષ રહેતો હતો. નાનપણથી એની રુચિ લોકોની સુખાકારી માટે કામ કરવાની હતી. એ નાની હતી, ત્યારે બૅંગાલુરુમાં શ્રી રામક્રિશ્ન શારદા મિશનમાં બાળકોને ભણાવવા પણ જતી. આઠ વર્ષથી તે એક મલ્ટિનૅશનલ કંપનીમાં નોકરી કરતી હતી. બધું સરસ રીતે ચાલતું; પરંતુ એ સતત વિચારતી કે પૈસા કમાવા અને પૈસા વાપરવા - આ એક અર્થહીન પ્રવૃત્તિ છે. તે આ વિષચક્રમાંથી બહાર નીકળવા અને કૉર્પોરેટ જગતમાંથી થોડો સમય વિરામ લેવા માગતી હતી. એવામાં એને સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાની યૂથ ફૉર ઇન્ડિયા ફેલોશિપ વિશે જાણ થઈ અને ૨૦૧૪માં નોકરી છોડીને તેમાં જોડાઈ ગઈ, જે ભારતનાં ગામડાંના પ્રશ્નોને સમજવાની તક આપે છે. આ ફેલોશિપ અંતર્ગત તેર મહિના ભારતનાં ગામડાંમાં અને પછાત વિસ્તારમાં રહીને તેના માટે કામ કરવાનું હોય છે.

પ્રતિભાએ ઉત્તરાખંડના ચંપાવત જિલ્લાના ખેતીખાન ગામમાં કામ શરૂ કર્યું. શરૂઆતમાં ત્યાંના પ્રશ્નોને સમજવાના હતા. પહેલી મુશ્કેલી એને ભાષાની નડી. પ્રતિભા પોતાની વાત ભાંગીતૂટી હિન્દીમાં સમજાવે. ગામના લોકો સ્થાનિક બોલી કુમાઉંનીમાં વાત કરે. તેઓ પ્રતિભાને હિન્દી અને તેમની બોલી શીખવે, તો પ્રતિભા ક્યારેક તેને કન્નડમાં શું કહેવાય તે શીખવે. પ્રતિભાએ જોયું કે ત્યાંની મહિલાઓ ઊનનાં સુંદર વસ્ત્રો ગૂંથે છે. અંકોડીનું કામ પણ સરસ કરે છે, તો તેમના આ કૌશલ્યનો ઉપયોગ કરીને તેમનાં ઉત્પાદનો બજારમાં વેચાણ સુધી પહોંચાડવાં જોઈએ. પ્રતિભા નાની હતી, ત્યારે પણ તે આવું ગૂંથતી હતી, પરંતુ અત્યારે એ સઘળું ભૂલી ગઈ હતી. એણે યૂ-ટ્યૂબ પરના ટ્યૂટૉરિયલની મદદથી પોતાના જ્ઞાનને તાજું કર્યું. તેના દ્વારા ડિઝાઇન શીખી અને કઈ વસ્તુઓ બનાવડાવે તો શહેરના બજારમાં વેચાણ થાય તેનો અભ્યાસ કર્યો. તેણે સાત-આઠ સ્ત્રીઓ સાથે વાત કરી અને તેની શરૂઆત કરી. તેણે સ્ત્રીઓને સો ગ્રામ ઊન ગૂંથવા માટે નેવું રૂપિયાની મજૂરી આપવાનું નક્કી કર્યું, જે અન્ય જગ્યાએ અપાતી મજૂરી કરતાં લગભગ બમણી હતી. પ્રતિભા કહે છે, ‘અમે ક્લીપ, હેર બૅન્ડ, મોજાં, સ્કાર્ફ બનાવવાનું શરૂ કર્યું. મને વેચાણ કે માર્કેટિંગનો કોઈ અનુભવ નહોતો, પરંતુ મેં બૅંગાલુરુની રવિવારીય બજારનો સંપર્ક કર્યો. અમને સારો પ્રતિસાદ મળ્યો. એક દિવસમાં વીસ હજારનું વેચાણ

(અનુસંધાન ૨૮મા પાને)

સ્થાપત્ય

# ‘જળનાં જતન હાટુ વાવ ગળાવીએ રે લોલ’



અમદાવાદના પ્રતિષ્ઠિત-સખાવતી મહાજનોએ પોતાના શહેરના ઉત્થાન અર્થે ઉદાર હૈયે અને હાથે અનેક ભગીરથ કાર્યો કર્યાં છે. એમાં વેપાર-ઉદ્યોગ, શિક્ષણની દરેક તરાહ, નગરની સારસંભાળ અને કળાનાં પોખણાંનો સમાવેશ થાય છે. આદિકાળથી લઈને અઢારમી સદીના અંત સુધી થયેલા પ્રકલ્પો ‘ઐતિહાસિક’ વિશેષણ સાથે પ્રસિદ્ધ છે, તો અઢારમી સદીનાં પાછલાં વર્ષો ઓગણીસમી સદીના પૂર્વાર્ધ તરીકે પણ ગણાવાયાં છે, જેને આપણે આધુનિકતાના ઉષઃકાળ તરીકે ઓળખીએ છીએ.

આવા સમયમાં ૧૮૫૦ પછી અમદાવાદના એક પ્રસિદ્ધ દાનવીર અને સાહસિક વેપારી શ્રી જેઠાભાઈ જીવણલાલે વટવા-ઈસનપુર રોડ પર ઈસનપુર ખાતે એક વાવ બંધાવવી શરૂ કરી, જેનું બાંધકામ ૧૮૬૦માં પૂર્ણ થયું. દેશભરમાં અનેક પ્રાચીન વાવો છે, જેમાં ગુજરાતની વાવો વૈવિધ્યસભર છે. હિંદીમાં બાવડી કે બાવલી, મરાઠીમાં બારવ, કન્નડમાં કલ્યાણી કે પુષ્કરાણી અને ગુજરાત સહિત રાજસ્થાન, મારવાડમાં વાવ તરીકે ઓળખાતા આ વિશિષ્ટ બાંધકામનો મુખ્ય અને મૂળ હેતુ જનતાની સેવાનો છે. વટેમાર્ગુઓની તૃષા છિપાવવા ઉપરાંત ઠંડકવાળી જગ્યાએ પોરો ખાવા, થોડી વાર નિરાંતે લાંબા થવા માટેની આ સુવિધાએ ખાસ્સું આકર્ષણ જમાવેલું અને તેમના હૈયે ટાઢક વળતી. વાવનું પાણી ઊંડાણમાં હોય તેથી તેને સૂર્યપ્રકાશ મળે નહિ, એ ચોખ્ખું રહે, રેતીમાં ગળાયા કરે - તાજું રહે, વળી ૭.૬ રિક્ટરસ્કેલ સુધી તો એ ભૂકંપને પણ ખમી ખાય. આમ, આટલા બધા એના ફાયદા ! સ્થાપત્યની શૈલી મુજબ વાવના પ્રવેશદ્વારના આધારે એના ચાર પ્રકાર હોય છે : એક પ્રવેશદ્વારવાળી નંદા વાવ, બે પ્રવેશદ્વારવાળી ભદ્રા વાવ, ત્રણ પ્રવેશદ્વારવાળી જયા વાવ અને ચાર પ્રવેશદ્વારવાળી વિજયા વાવ પોતાના સેવાભાવ થકી વખણાતી.

વળી માત્ર ઉપયોગિતાવાદ નહિ, પરંતુ કલાદષ્ટિએ પણ આ વાવોએ કાઠું કાઢેલું, એનાં અનેક ઉદાહરણો પૈકી આ જેઠાભાઈની વાવની વાત કરીએ, તો હિમ્મતે મર્દા એવા જેઠાભાઈની મદદે ખરેખર ખુદા પધાર્યા એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. વાવના કલા-પાસાને નજરે રાખીને તેમણે વિવિધ ધર્મોનાં જર્જરિત સ્થાનોને બકાયદા ખરીદી, તેમાંથી કલાત્મક ભાગોને અલગ કરી આ વાવમાં તો વાપર્યા જ; સાથે સાથે એક થાંભલાબંધ પરસાળનો ઉપયોગ તેમણે એક મંદિરમાં પણ કર્યો. વાવના શૃંગાર માટે કોઈ જીર્ણ ઈમારતના મહેરાબને પણ સ્પષ્ટ રીતે નવજીવન આપ્યું. આશરે ૨૧૦ ફૂટ




ઊંડી અને ૨૨ ફૂટ પહોળી આ વાવમાં ફરતે કલાત્મક ગૅલરી અને ચેમ્બર ઠંડક ફરમાવે છે અને વૉટર હાર્વેસ્ટિંગના સિદ્ધાંત પર તે ઊભી છે. આ આધુનિકતમ યુગમાં એ.સી. અને મિનરલ વૉટરના રવાડે ચડેલા આપણે આવાં સ્થાનોની કિંમત શું જાણીએ ?

પ્રાચીન સમયમાં સામાન્ય રીતે વાવનો ઉપયોગ સમાજના ઉત્કર્ષ માટે થતો. એની ઉપર શિલાલેખો અંકાતા અને દરેક વાવ કોઈ એક બલિદાનની ગાથા ગાતી. લોકગીતોમાં પણ એનો મહિમા ગવાતો – કોઈ ચમત્કારની વાતને પણ વણી લેવાતી, પરંતુ પ્રમાણમાં આધુનિક એવી આ જેઠાભાઈની વાવનો ઉદ્દેશ તો જનતાની તરસ છિપાવવાનો હતો. માનવીઓના મેળાવા કરવાનો હતો અને હા, આવી અનેક કલાત્મક, અલંકૃત વાવ આજે સ્થાપત્ય, શિલ્પ અને ચિત્રકલાની છડી પોકારે છે.

પાટણની રાણકી વાવ, અડાલજની વાવ, અસારવા - અમદાવાદની દાદાહરિની વાવ - આદિ ગુજરાતની હેરિટેજ વાવની હરોળમાં ઊભી રહે એવી આ જેઠાભાઈની વાવને પણ પુરાતત્ત્વ ખાતાનું રક્ષણ મળ્યું છે, પરંતુ સમૃદ્ધ કલાવારસો ધરાવતી આ વાવને હજી પ્રતીક્ષા છે રસિક મુલાકાતીઓની, કલાપારખુઓની અને વારસાની ચિંતા કરનારા ભદ્ર લોકોની.

હાલમાં પ્રવૃત્ત કહી શકાય એવી આ વાવમાં પ્રવેશતાં જ ડાબે-જમણે આખા પરિસરની જાળવણી, સ્વચ્છતા અને એના ભંગ માટેના દંડની જોગવાઈનાં બે પાટિયાં છે, પણ ક્યાંય આ સ્થળની ઓળખ સમું કોઈ પાટિયું નથી. પ્રવેશ નજીક જ ડાબે વાવની પશ્ચિમ બાજુએ બાર સ્તંભો ઉપર ગુંબજ ધરાવતું એક મિજબાની સ્થળ (ગઝિબો) છે જે લુખ્ખાઓની રાજધાની છે. સ્વાભાવિકપણે જ ત્યાં ઊભા રહેવાનું મન ન થાય પણ મનને કઠણ તો કરી શકાય ને ? પરિણામે મળે અતિ સુંદર નજારો ગુંબજની અંદરનો. મોટી ચોરસ કુંભીઓ ઉપર ઊભેલા બારે સ્તંભો આંકાળી ભાતવાળા છે જે છત બાજુએ અષ્ટકોણ પાડતા આડા પાટડાથી જોડાયેલા છે. બહુ ગીચ નકશી નહિ, છતાં પ્રભાવી ડિઝાઈન. ગુંબજની નીચેનો ભાગ ગોળ ફરતી પટ્ટીઓ ધરાવે છે જેની મધ્યમાં કમળદળ પાંખડીઓ સહિત ત્રણ વર્તુળમાં વળાંકદાર ગોઠવણીથી શોભે છે. મધ્યસ્થ ચક્રને મેળ ખાતાં નાનકાં બુંદ કળીઓ સાથે લ્હેર કરતાં ભાસે છે. સમગ્ર સ્થાપત્ય પીળા રેતિયા પથ્થરનું, ગુજરાત શૈલીનું છે. ગુંબજનો ઉપરી ભાગ બહારની બાજુએ આમલકી ટોચ ધરાવે છે અને એની ઉપર પણ વળિયાભાત છે. ગુંબજ પર ચાર ખૂણે મહાકાય પક્ષીઓનાં શિલ્પો મળે છે.

અહીંથી બરાબર આંખના લેવલે લાંબા પટે લંબચોરસ વાવની ઈમારતનો ઉપલો હિસ્સો દેખાય છે, જેમાં ચાર જગ્યાએ વાવમાં ઊતરવાની ગોળાકાર સીડીઓ છે. સૌથી ઉપલા ત્રીજે માળથી - પ્લૅટફૉર્મ પર ઊભા રહી વચલા બે માળ અને ભોંયતળિયે વાવનાં નીર સુધી સીધી દૃષ્ટિ થઈ શકે. દરેક માળે છાપરાં અને છતને અડીને ઊભેલા ગોળ સ્તંભો પરની અદ્ભુત કોતરણી દર્શકને અચંબિત કરે. સ્તંભો પર ફૂલ, પત્તી, ટપકાં, આડા વળ, સિફતપૂર્વકના સાંધા, જાળીદાર વેલબુટ્ટા, કોતરણીવાળા થાંભલા, ભૌમિતિક કોતરણી પણ ખરી અને બે હાથ ખોલી છતને ધારણ કરતા મદલ તો હોય જ. રત્ન સમાન આ કળા ભૂમિગત સ્થાપત્યને રળિયાત કરે છે. ભીંતો પર પણ દેવી-દેવતા અને પૌરાણિક પ્રસંગોનાં વર્ણન મોટિફ, સાંકળ, ઘંટ સહિત દેખા દે. કમનીય વળાંકો, મુક્ત નકશીકામ શિલ્પોને શણગારે.

દર દેવદિવાળીએ શ્રી જેઠાભાઈના વંશજો આ વિજયા વાવને દેદીપ્યમાન બનાવે છે તે ઉપક્રમ સફળ થાય એવી શુભ કામના. ‘જળનાં જતન હાટુ વાવને ગળાવીએ રે લોલ...’

**— સુધા ભટ્ટ**

---

**(૨૫મા પાનાનું ચાલુ)**

થયું અને વધારામાં મીડિયા કવરેજ પણ મળ્યું !’ પ્રતિભા નક્કી નહોતી કરી શકતી કે તે બૅંગાલુરુ પાછી જશે કે આ કામ ચાલુ રાખશે, પરંતુ બૅંગાલુરુમાં થયેલા વેચાણથી સ્ત્રીઓના ચહેરા પર જે ખુશાલી જોઈ, તેને તે નિરાશ કરવા માગતી નહોતી. તેથી તેણે આ કામ ચાલુ રાખવાનું નક્કી કર્યું.

પ્રતિભાએ આ બધી બાબતોને વેબસાઈટ પર મૂકી. એના આશ્ચર્ય વચ્ચે અમેરિકામાં રહેતા સિત્તેર વર્ષના જોગીન્દર કુન્દ્રાને આ વાતમાં રસ પડ્યો. સપ્ટેમ્બર, ૨૦૧૫માં ભારત આવ્યા, ત્યારે આ પ્રોજેક્ટ જોયો અને એમણે આર્થિક સહયોગ આપ્યો. એમાંથી સ્ત્રીઓ માટેની ફિલ્ડ-વિઝિટ, તાલીમ-વર્ગો, મશીન અને અન્ય સાધનો વસાવવાનો ખર્ચ નીકળી ગયો અને નવેમ્બર, ૨૦૧૫માં હિમાલયન બ્લૂમ્સની સ્થાપના થઈ. સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાની તેર મહિનાની ફેલોશિપ પૂરી થવામાં હતી, પરંતુ પ્રતિભાના પરિવારજનોએ એનાં સ્વપ્નાંને સાકાર કરવામાં સાથ આપ્યો. જોગીન્દર કુન્દ્રાના સહયોગથી હિમાલયન બ્લૂમ્સે ડિઝાઇનર રાખ્યા, જે તેમને નવી ડિઝાઇન શીખવે જેથી વેચાણમાં વધારો થાય. હિમાલયન બ્લૂમ્સનાં ઉત્પાદનોને ઈ-કૉમર્સની વેબસાઈટ તિજોરી (Tjori) પર અને યુ.એસ.એ.ની વેબસાઈટ પર મૂકવામાં આવ્યાં. હિમાલયન બ્લૂમ્સે તેની વર્કશૉપ માટે નવ સિલાઈ મશીનો લીધાં અને ત્રીસ સ્ત્રીઓને તાલીમ આપી. તેઓ બૅગ, પાઉચ બનાવવા ઉપરાંત સ્કૂલ યુનિફૉર્મ, પેટીકોટ, બ્લાઉઝના ઑર્ડર પણ લે છે. આજે ઉત્તરાખંડના ગામડાની લગભગ પાંસઠ બહેનો હિમાલયન બ્લૂમ્સ સાથે જોડાઈ છે અને મહિને ત્રણથી પાંચ હજાર રૂપિયા કમાય છે. પ્રતિભાને સ્ત્રીઓ કમાણી કરીને ઘર ચલાવે છે તેનો તો આનંદ છે જ, પરંતુ તેમનો આત્મવિશ્વાસ જોઈને વધુ આનંદ થાય છે. પ્રતિભાનો હેતુ આ સ્ત્રીઓને આત્મવિશ્વાસથી પોતાનો વેપાર-રોજગાર ચલાવે એવી સશક્ત બનાવવી છે અને ત્યાં સુધી તે ચંપાવતમાં જ રહેવા માગે છે.

**— પ્રીતિ શાહ**

# અભિવ્યક્તિના સ્વાતંત્ર્ય માટે જંગ

'પત્રકાર થવું આજે જેટલું મુશ્કેલ છે તેટલું અગાઉ ક્યારેય નહોતું.' — આ શબ્દો છે નોબેલ શાંતિ પુરસ્કારના વિજેતા, પત્રકાર મારિયા રેસાના. વર્ષ ૨૦૨૧નો નોબેલ શાંતિ પુરસ્કાર ફિલિપાઈન્સના પત્રકાર મારિયા રેસા અને રશિયાના પત્રકાર દિમિત્રી મુરાતોવને સંયુક્ત રીતે આપવાની જાહેરાત કરવામાં આવી. સાચી માહિતી અને નિષ્પક્ષ સમાચારોને લોકો સુધી પહોંચાડવા તેમ જ નેતાઓ અને શાસકો દ્વારા આચરવામાં આવતી હિંસા, ગેરરીતિઓ અને ભ્રષ્ટાચારને જાહેર કરવા માટે આ બે પત્રકારો જે સંઘર્ષ, યાતના અને અગ્નિપરીક્ષામાંથી પસાર થયાં છે, તેની વાતો જાણીએ ત્યારે મારિયાના ઉપરોક્ત વિધાનની યથાર્થતા સમજાશે.

કદાચ આપણા માટે આ નામો અજાણ્યાં છે, પરંતુ આંતરરાષ્ટ્રીય અખબારી આલમમાં  મારિયા રેસા અને દિમિત્રી મુરાતોવ નામો ઘણાં જાણીતાં અને આદરપાત્ર છે. કેટલાય દાયકાઓથી મુરાતોવ રશિયામાં વાણી-સ્વાતંત્ર્યના હક્કમાં અવાજ ઉઠાવી રહ્યા છે. ૧૯૯૩માં તેમણે 'નોવાયા ગેઝેટા' (Novaya Gazeta) નામનું અખબાર શરૂ કર્યું. એ વખતે તત્કાલીન રાષ્ટ્રપ્રમુખ ગોર્બાચોવે તેમાં ઘણો રસ લીધો હતો. આજે એ રશિયાનું સૌથી સ્વતંત્ર અખબાર છે. સ્થાપનાકાળથી જ તેમાં ભ્રષ્ટાચાર, પોલીસ દ્વારા થતું દમન, ગેરકાનૂની રીતે થતી અટકાયતો, ચૂંટણીઓમાં થતી ગેરરીતિઓ, દેશમાં અને દેશની બહાર થતો રશિયન સૈન્યનો ઉપયોગ વગેરે અંગે ટીકાત્મક લેખો છપાતા રહ્યા છે.

આજે પુટિન-શાસનની ટીકા કરતા લેખો પણ તેમાં છપાય છે. આવી હકીકતો પર આધારિત માહિતી અને વ્યવસાયગત નિષ્ઠા, રશિયાના અન્ય દૈનિકમાં જોવા મળતી નથી; પરંતુ પોતાના અખબારી સ્વાતંત્ર્ય માટે મુરાતોવને ઘણી હિંમત દાખવવી પડી અને આકરી કિંમત ચૂકવવી પડી છે. વિરોધીઓ દ્વારા તેમને અનેક વાર  ધાકધમકીઓ મળે છે. તેમની પર હિંસક હુમલા થયા છે. તેમના અખબારમાં કામ કરતા છ પત્રકારોની હત્યા અત્યાર સુધીમાં થઈ ચૂકી છે. આવા જોરજુલમ પછી પણ મુરાતોવે પોતાના અખબારની સ્વતંત્ર પૉલિસીને છોડવાનો ધરાર ઈનકાર કર્યો છે.

અભિવ્યક્તિના સ્વાતંત્ર્ય માટે આવી જ લડત ફિલિપાઈન્સનાં નિર્ભીક પત્રકાર મારિયા રેસા આપી રહ્યાં છે. મારિયા યુ.એસ.એ.ની પ્રિન્સ્ટન યુનિવર્સિટીમાંથી ઉચ્ચશિક્ષણ મેળવી દેશ પાછાં ફર્યાં અને બે દાયકા સુધી અમેરિકાની ન્યૂઝ ચૅનલ CNNમાં સાઉથ-ઈસ્ટ (દક્ષિણ-પૂર્વ) રિજનના બ્યૂરો ચીફ તરીકે કામ કર્યું. તેમણે આતંકવાદી નેટવર્ક પર મહત્ત્વપૂર્ણ ઈન્વેસ્ટિગેટિવ રિપોર્ટિંગ કર્યું. ૨૦૧૨માં એમણે ફિલિપાઈન્સમાં રેપલર નામની ડિજિટલ મીડિયા કંપનીની સ્થાપના કરી. તેમણે ફિલિપાઈન્સની વર્તમાન રાષ્ટ્રપ્રમુખ રોડ્રિગો દુતેર્તે દ્વારા થતા સત્તાના દુરુપયોગ, આચરવામાં આવતી હિંસા અને બેરોકટોક આપખુદશાહીનો વિરોધ કર્યો. તેમણે દુતેર્તે

દ્વારા ચલાવવામાં આવતા અત્યંત વિવાદાસ્પદ એવા ડ્રગ વિરોધી આંદોલન પર ધ્યાન કેન્દ્રિત કર્યું. આમાં એટલા બધા લોકોને મોતની સજા થઈ ચૂકી છે કે જાણે એવું લાગે કે આ અભિયાન એ દેશના પોતાના જ લોકો સામે છેડવામાં આવેલું યુદ્ધ છે ! રાષ્ટ્રપ્રમુખ દુતેર્તેનો વિરોધ કરતા લોકોને પોલીસ ડ્રગ-સેવન કે ડ્રગ-સપ્લાયના આરોપી તરીકે જાહેર કરે છે અને પછી તેમને જેલવાસ કે મોતની સજા ફરમાવવામાં આવે છે. છેલ્લાં પાંચ વર્ષમાં વીસથી પણ વધુ પત્રકારોને આવા આરોપસર મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. મારિયાએ દુતેર્તે દ્વારા સોશિયલ મીડિયામાં કેવી રીતે જૂઠા સમાચાર ફેલાવવામાં આવે છે, સાચા સમાચારોને કેવી રીતે લોકો સુધી પહોંચતા અટકાવવામાં આવે છે અને સરકારનો વિરોધ કરનારાઓ પર કેવો ત્રાસ ગુજારવામાં આવે છે તેની હકીકતોનું વર્ણન કર્યું છે. મારિયા જણાવે છે, 'મેં ૧૯૮૬થી ફિલિપાઈન્સના તમામ રાષ્ટ્રપ્રમુખની પ્રવૃત્તિઓનું અહેવાલલેખન કર્યું છે, પણ માર્કોસના શાસન પછી આટલી હદ સુધીનું આપખુદશાહી વલણ અને શાસન પહેલી વાર જોયું છે.'

મારિયા રાષ્ટ્રપ્રમુખ દુતેર્તેના સત્તાના બેફામ દુરુપયોગ સામે નિર્ભીકતાથી લડે છે અને તે માટે છેલ્લાં બે વર્ષમાં એની ધરપકડ માટે દસ વૉરન્ટ નીકળ્યાં છે. હમણાં જ એક કેસમાં હાઈકોર્ટ તરફથી તેને નિર્દોષ જાહેર કરવામાં આવી, પણ હજી તેની સામે એક કેસ ચાલવાનો બાકી છે.

વર્ષ ૨૦૧૮માં 'ટાઈમ પર્સન ઑફ ધ યર'ની યાદીમાં સમાવિષ્ટ મારિયાએ ફેસબુક અને અન્ય સોશિયલ મીડિયામાં ફેક કે ડમી એકાઉન્ટ્સ દ્વારા કેવી રીતે જૂઠાણાં ફેલાવવામાં આવે છે, જૂથો વચ્ચે કેવું વૈમનસ્ય પ્રગટાવવામાં આવે છે તે ઉજાગર કર્યું છે. તેમણે પોતાના પુસ્તક 'ફ્રોમ બિન લાદેન ટુ ફેસબુક : ૧૦ ડેય્ઝ ઑફ એબ્ડક્શન, ૧૦ યર્સ ઑફ ટેરરિઝમ'માં ચેતવણી આપતાં જણાવ્યું છે કે આજે જુદાં જુદાં જૂથો વચ્ચે જે ઑનલાઇન યુદ્ધ ચાલે છે તે ભવિષ્યમાં સાચેસાચ યુદ્ધમાં કે આતંકવાદી હુમલાઓમાં પરિવર્તિત થશે અને વિશ્વની શાંતિ અને સુરક્ષા જોખમાશે.

શાંતિ એટલે માત્ર યુદ્ધ ના હોવું એમ નથી. શાંતિ એટલે એવું વાતાવરણ જેમાં વ્યક્તિ કોઈ પણ જાતના ભય વિના, દબાણ વગર, મુક્ત રીતે પોતાના વિચારોની અભિવ્યક્તિ કરી શકે. ધ નૉર્વેજિયન નોબેલ કમિટીએ મારિયા અને મુરાતોવને નોબેલ પીસ પ્રાઇઝ એનાયત કરતાં જણાવ્યું, 'અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય અને માહિતી મેળવવાનો હક્ક એ લોકશાહીના રક્ષણ માટે અને યુદ્ધ તથા સંઘર્ષને નિવારવા માટે પાયાની બાબતો છે. મારિયા રેસા અને દિમિત્રી મુરાતોવને જાહેર કરાયેલા આ શાંતિ-પુરસ્કાર માનવસમાજના આ બે મૂળભૂત અધિકારોના રક્ષણનું મહત્ત્વ ઉજાગર કરે છે. તેઓ બંને એ સહુ પત્રકારોનું પ્રતિનિધિત્વ કરે છે, જેઓ જ્યાં લોકશાહી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય જોખમમાં છે તેવી દુનિયામાં એ બંને બાબતોના રક્ષણ માટે લડત આપી રહ્યાં છે.'

આ જ વાતનો પડઘો પાડતા હોય તેમ દિમિત્રી મુરાતોવે આ ઍવૉર્ડ પોતાના માર્યા ગયેલા છ પત્રકારોને અર્પણ કરતાં કહ્યું, 'આ ઍવૉર્ડ એ છ પત્રકારોએ જીત્યો છે, જેમની માનવઅધિકારોના ભંગ અને ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવા માટે હત્યા કરવામાં આવી હતી.'

**– બેલા ઠાકર**

# બીજી ડિસેમ્બર, ૨૦૨૧ના વિશ્વકોશ સ્થાપના-દિન નિમિત્તે ઓનલાઇન ઉપલબ્ધ થશે વિશ્વકોશનો વિશાળ જ્ઞાનસાગર

૧૯૮૫ની બીજી ડિસેમ્બરે શરૂ થયેલા વિશ્વકોશના કાર્યના નાનકડા બીજમાંથી આજે વટવૃક્ષનું સર્જન થયું છે. વિશ્વકોશ (એન્સાઇક્લોપીડિયા) એ આજના માહિતીયુગનું અનિવાર્ય સાધન છે. માહિતીની કક્ષા, વિપુલતા, વિતરણ અને ત્વરિતતા પરત્વે આજના યુગે નવાં સીમાચિહ્નો રચ્યાં છે. ગુજરાતી વિશ્વકોશના શિલ્પી પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકરે એના સર્વપ્રથમ 'ભૂમિકાખંડ'માં નોંધ્યું હતું : 'વિશ્વકોશ એટલે વિશ્વવિદ્યાનો કોશ. સચરાચર સૃષ્ટિના સર્વાંગીણ માહિતીનો ભંડાર.'

એ પછી ગુજરાતી વિશ્વકોશના ભાગ ૧થી ૨૫ પ્રકાશિત કરવાનો પ્રકલ્પ પૂર્ણ થયો છે. વખતોવખત એનું પુનઃસંસ્કરણ પણ થતું રહ્યું. હવે એ તમામ સામગ્રી આજના ટૅક્નૉલૉજીના યુગમાં દરેક વ્યક્તિ જોઈ શકે તે રીતે ઑનલાઇન મૂકવાનો પ્રયાસ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે કર્યો છે. દરેક અધિકરણની ઉપર તે કયા વર્ષમાં પ્રકાશિત થયું છે તેનું પ્રકાશન વર્ષ પણ લખ્યું છે.

ગુજરાતી વિશ્વકોશ ૨૫,૦૦૦ પૃષ્ઠોમાં પ્રકાશિત થયો છે. એમાં વધુ એક હજાર જેટલાં પૃષ્ઠોનો ઉમેરો થયો. તેમાં કલા, ધર્મ–તત્ત્વ–સંસ્કૃતિ, ભાષાસાહિત્ય, વાણિજ્ય, વિજ્ઞાન (પ્રયુક્ત અને શુદ્ધ), સમાજવિદ્યાઓ, સમૂહમાધ્યમો અને પ્રકીર્ણ – એમ જુદા જુદા કુલ ૧૬૯ જેટલા વિષયોના લેખો સમાવિષ્ટ પામ્યા છે. આમાં માનવવિદ્યા, વિજ્ઞાન અને સમાજવિદ્યાના વિષયો ઉપર લખાયેલા લેખો છે. અંગ્રેજી ભાષામાં લખાઈને આવેલા લેખોનો ગુજરાતી અનુવાદ કરીને પણ અહીં મૂકવામાં આવ્યા છે તો એની સાથોસાથ અન્ય કોઈ વિશ્વકોશમાં ન મળતા હોય તેવા યુદ્ધવિદ્યા કે પશુપાલન, પશુસંવર્ધન જેવા વિષયોમાં લખાણો આમાં મળે છે. ૧૫૦૦થી અધિક લેખકોની સહાયથી આ ગ્રંથો તૈયાર થયા છે.

ગુજરાતી વિશ્વકોશના ગ્રંથો વર્ણાનુક્રમે ગોઠવાયેલા છે. 'અ' વર્ણથી શરૂ કરીને 'હ' વર્ણ સુધી આ વિશ્વકોશ આપ આઇફોનમાં પણ જોઈ શકશો. આપના મોબાઇલમાં ગુજરાતી કી–બોર્ડ કેવી રીતે ઇન્સ્ટોલ કરવું તેની માહિતી પણ મૂકવામાં આવી છે.

આપ વિષયસૂચિમાં જઈને વિષય પ્રમાણે અને લેખકસૂચિમાં જઈને લેખકના નામ પ્રમાણે સર્ચ કરી શકશો અને પ્રિન્ટ કાઢી શકશો.

# વિદુષી દક્ષાબહેન પટ્ટણીની સ્મૃતિમાં
# વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા આયોજિત નિબંધસ્પર્ધા

મહાત્મા ગાંધીજીના જીવનકાર્યનાં ઊંડાં અભ્યાસી, મહાત્મા ગાંધીજી વિશે મૂલ્યવાન ગ્રંથોનાં લેખિકા તથા પોતાના વક્તવ્ય દ્વારા મહાત્મા ગાંધીજીનાં કાર્યોનો મર્મ પ્રગટ કરનાર **સ્વ. દક્ષાબહેન પટ્ટણી**ની સ્મૃતિમાં વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા નિબંધસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે, જેની વિગતો નીચે પ્રમાણે છે :

**સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે નિબંધસ્પર્ધા**

**વિષય :** (૧) ગાંધીજી અને સ્વાવલંબન
(૨) ગાંધીજીના આશ્રમો અને તેની પ્રવૃત્તિ
(૩) શિક્ષણક્ષેત્રે ગાંધીજીનું પ્રદાન
(૪) ગાંધીજી અને સર્વધર્મસમભાવ

૧. કાગળની એક બાજુએ, ચોખ્ખા અક્ષરે, પંદરેક ફૂલ્સ્કૅપ કાગળની મર્યાદામાં મૌલિક લખાણ લખવાનું રહેશે.
૨. નિબંધની સાથે જુદા કાગળ પર વિદ્યાર્થીઓએ પૂરું નામ, વર્ગ, રોલ નંબર, ઘરનું સરનામું તથા શિક્ષણસંસ્થાનું સરનામું લખવું. નિબંધ વિદ્યાર્થીએ પોતે મૌલિક લખ્યો છે તેનું પ્રમાણપત્ર આચાર્ય કે અધ્યક્ષ પાસેથી મેળવી સામેલ કરવું.
૩. આ નિબંધ ગુજરાતી, હિંદી અથવા અંગ્રેજીમાં લખી શકાશે અને તેને પ્રગટ કરવાનો અધિકાર ટ્રસ્ટનો રહેશે.
૪. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ટ્રસ્ટીમંડળે નીમેલા પરીક્ષકો નિબંધો તપાસશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે.
૫. ઈનામી નિબંધો સિવાયના કેટલાક ગુણવત્તાવાળા નિબંધોને ટ્રસ્ટ તરફથી પ્રમાણપત્ર અપાશે.
૬. ભાગ લેનારને સ્પર્ધાના પરિણામની મોડામાં મોડી **૩૦ માર્ચ, ૨૦૨૨** સુધીમાં જાણ કરવામાં આવશે. ઈનામો રોકડ રૂપે આપવામાં આવશે. યોગ્ય કક્ષાના નિબંધ નહીં હોય તો ઈનામ આપવામાં આવશે નહીં.
૭. આ નિબંધ મોડામાં મોડા **૩૦ જાન્યુઆરી, ૨૦૨૨** સુધીમાં નીચેના સરનામે રજિસ્ટર્ડથી મોકલવો. એનાં પારિતોષિકોની વિગત આ પ્રમાણે છે :
પ્રથમ પારિતોષિક રૂ. ૧૦,૦૦૦ દ્વિતીય પારિતોષિક રૂ. ૭,૦૦૦
તૃતીય પારિતોષિક રૂ. ૫,૦૦૦
ત્રણ પ્રોત્સાહક પારિતોષિક (પ્રત્યેકને) રૂ. ૧૦૦૦

**સરનામું**

રાજલ મહેતા, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
૫૧/૨, રમેશ પાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે,
વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

## શ્રી હરિકેત પાઠક બાળ-કિશોર ચિત્રકલા-સ્પર્ધા : ૬

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રતિવર્ષ 'હરિકેત પાઠક બાળ-કિશોર ચિત્રકલા-સ્પર્ધા' યોજવામાં આવે છે. ધોરણ ૫-૬-૭ અને ૮-૯ એમ બે જૂથમાં સ્પર્ધા યોજાય છે. જે શાળાઓમાં આ ધોરણોમાં ચિત્રકલાનું શિક્ષણ અપાતું હોય અને ચિત્રકલાને ઉત્તેજન અપાતું હોય તેવી શાળાઓ પોતાનાં નામ, સરનામાં, આચાર્યશ્રી અને ચિત્ર-શિક્ષકનાં પણ નામ અને સંપર્કસૂત્ર (ટેલિફોન કે મોબાઇલ નંબર) સાથે વિશ્વકોશ ટ્રસ્ટમાં કૃપાબહેન દેથોલિયાનો (સમય : ૧૨થી ૫) સંપર્ક કરે અથવા વિશ્વકોશના સરનામે પત્રથી લખી જણાવે. સ્પર્ધાનું ફૉર્મ વિશ્વકોશમાંથી મેળવવું. આ સ્પર્ધા **૯ જાન્યુઆરી, ૨૦૨૨** ને રવિવારે યોજાશે. પસંદગીના ધોરણે ઉક્ત સ્પર્ધામાં ભાગ લેવા અંગે જે તે શાળાને સંસ્થા તરફથી નિમંત્રણ પાઠવવામાં આવશે. **૨૯ ડિસેમ્બર ૨૦૨૧** સુધીમાં ફૉર્મ કાર્યાલયમાં આપી જવા વિનંતી.

## આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ **૧૫ નવેમ્બર, ૨૦૨૧, સોમવાર : સાંજના ૫-૩૦**

વિષય : વિવિધ કોશની ઓળખ અને તેના ઉપયોગો

વક્તા : ઊર્મિલા ઠાકર

◈ **૨૪ નવેમ્બર, ૨૦૨૧, બુધવાર : સાંજના ૫-૩૦**

શ્રી દાઉદભાઈ ઘાંચીના અભિવાદન ગ્રંથ 'શિક્ષણવિકાસના ધ્રુવતારક'નું વિમોચન, પ્રમુખ : શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક, અતિથિવિશેષ : શ્રી પ્રદીપ ખાંડવાળા

## ગ્રંથાલય સપ્તાહ નિમિત્તે

◈ **૧૪ નવેમ્બર, ૨૦૨૧, રવિવાર : સાંજના ૪-૦૦**

'ગ્રંથાલયની ગૌરવગાથા' પ્રદર્શનનું ઉદ્ઘાટન

પ્રાચીન વિશ્વ, ભારત અને ગુજરાતનાં મહત્ત્વનાં ગ્રંથાલયોની તસવીરો અને માહિતી સાથેનું પ્રદર્શન.

ગૂર્જર ગ્રંથભંડાર દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના સમગ્ર સાહિત્યનું, વિશ્વકોશનાં પ્રકાશનોનું તથા અન્ય પુસ્તકોનું પ્રદર્શન. (૧૫ નવેમ્બરથી ૨૦ નવેમ્બર, સમય : ૨-૩૦થી ૫-૩૦)

## વિશ્વસંસ્કૃતિપર્વ

◈ **૨ ડિસેમ્બર, ૨૦૨૧, ગુરુવાર : સાંજના ૫-૩૦**

વિષય : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના તમામ ગ્રંથોને ઑનલાઇન મૂકવાનો સમારંભ તથા અન્ય કાર્યક્રમ

◈ ૩ ડિસેમ્બર, ૨૦૨૧, શુક્રવાર : સાંજના ૫-૩૦

વિષય : વિવિધ કોશોના સર્જક : કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનું જીવન

વક્તા : કુમારપાળ દેસાઈ

◈ ૪ ડિસેમ્બર, ૨૦૨૧, શનિવાર : સાંજના ૫-૩૦

અમર ભટ્ટ દ્વારા કાવ્યસંગીતની પ્રસ્તુતિ.

## ધર્મ-તત્ત્વ-દર્શન વ્યાખ્યાનશ્રેણી

◈ ૬ ડિસેમ્બર, ૨૦૨૧, સોમવાર : સવારના ૯-૩૦

વિષય : જીવનનાં શાશ્વત મૂલ્યો

વ્યાખ્યાન : ગચ્છાધિપતિ આચાર્યશ્રી રાજયશસૂરીશ્વરજી મ.સા.

## આસ્વાદ : અન્ય કાર્યક્રમ

❖ સાહિત્ય, કલા અને અન્ય સાંસ્કૃતિક વિષયોની સૂક્ષ્મ સમજ કેળવવામાં રસ ધરાવતા ભાવકો દ્વારા **આસ્વાદ સંસ્થા**ના ઉપક્રમે જુદા જુદા કાર્યક્રમો યોજવામાં આવે છે. દર મહિનાના ત્રીજા રવિવારે આયોજિત થતા આ કાર્યક્રમો ગુજરાત વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં યોજાશે.

આગામી ૨૧ નવેમ્બર, રવિવારે સવારે ૧૦થી ૧૨ દરમિયાન આ સંસ્થાના ઉપક્રમે જાણીતા વાર્તાકાર શ્રી પ્રવીણસિંહ ચાવડા ‘મારી સાહિત્યયાત્રા’ એ વિશે વક્તવ્ય આપશે.

## ‘વિશ્વા’ : વાર્તાસ્પર્ધાનું પરિણામ

સપ્ટેમ્બર, ૨૦૨૧માં ‘વિશ્વા’ની બહેનો માટે યોજાયેલી વાર્તાસ્પર્ધામાં નીચેની વાર્તાઓ વિજેતા થઈ છે :

પ્રથમ : ‘મારું લોહી’, લેખિકા : ભારતી સોની.

બીજું : ‘સ્મૃતિશેષ’, સ્મિતા શાહ.

ત્રીજું : ‘ગણપતના દેવ’, લલિતાબહેન વાકાણી.

નિર્ણાયક તરીકે શ્રી અમિતાભ મડિયાએ પોતાની સેવા આપી હતી. વિજેતાઓને અભિનંદન અને નિર્ણાયકશ્રીનો આભાર.

*

## આભાર અને અનેકાંત વ્યાખ્યાનમાળા

❖ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ આગામી સમયમાં ધર્મ-દર્શન-કલા અને સંગીતને અનુલક્ષીને એક વ્યાખ્યાનમાળાનો પ્રારંભ કરી રહ્યું છે.

આદરણીયશ્રી દેવીબહેન દ્વારા શ્રી કુમારભાઈ જયકીર્તિપ્રેરિત અનેકાંત વ્યાખ્યાનમાળામાં ભિન્ન ભિન્ન દાર્શનિક તથા કલા અને સંગીતવિષયક વ્યાખ્યાન યોજવામાં આવશે. તેમજ સમગ્ર વર્ષ દરમિયાન ધર્મ-દર્શનને લગતું એક પુસ્તક પણ પ્રકાશિત થશે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ આ કાર્યને માટે શ્રી દેવીબહેન તથા ગૌરવ શેઠ અને નિરંજન શાહે આપેલા સહયોગ બદલ આભાર માને છે.

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| ૧. | જીવનશિક્ષણ | જસુભાઈ કવિ | ૧૨૦ |
| ૨. | એક નવું આકાશ | સોનલ પરીખ | ૯૦ |
| ૩. | સ્વપ્નગ્રહની સફરે | યોસેફ મેકવાન | ૧૪૦ |
| ૪. | રાજુનો તરખાટ | નટવર હેડાઉ | ૧૧૦ |
| ૫. | શિક્ષણવિદ ધીરુભાઈ ઠાકર | પ્રવીણ દરજી | ૮૦ |
| ૬. | હું ને કથા | લતા હિરાણી | ૧૨૦ |
| ૭. | સત્યેન્દ્રનાથ બોઝ | પ્રહ્લાદ પટેલ | ૯૦ |
| ૮. | હોમી જહાંગીરભાભા | પ્રહ્લાદ પટેલ | ૯૦ |
| ૯. | સ્વાધ્યાય-વિશેષ | સં. પ્રફુલ્લ રાવલ | ૨૮૦ |
| ૧૦. | પૃથ્વીનો ભૂસ્તરીય ઈતિહાસ | ગિરીશભાઈ પંડ્યા | ૧૬૦ |
| ૧૧. | કવિતા અને દર્શન | રાજેન્દ્ર પટેલ | ૨૦૦ |
| ૧૨. | જ્ઞાનયજ્ઞના આચાર્ય (શ્રી ધીરુભાઈ ઠાકરનું જીવનચરિત્ર) | મણિલાલ હ. પટેલ | ૧૨૦ |
| ૧૩. | અર્થવાસ્તવ | રમેશ બી. શાહ | ૧૭૦ |
| ૧૪. | દેડકાનું ડ્રાંઉં ડ્રાંઉં | અંજના ભગવતી | ૨૨૦ |
| ૧૫. | રણ જણજણનું | ધીરેન્દ્ર મહેતા | ૧૫૦ |
| ૧૬. | મનીષાનું મંગળમિશન | શુભ્રા દેસાઈ | ૧૦૦ |
| ૧૭. | સૌહાર્દશીલ સારસ્વત | દર્શના ધોળકિયા | ૮૦ |
| ૧૮. | આત્મબળને અજવાળે | પ્રીતિ શાહ | ૧૫૦ |
| ૧૯. | આચાર્ય જગદીશચંદ્ર બોઝ | કિશોર પંડ્યા | ૨૦૦ |
| ૨૦. | આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ | ચિંતન ભટ્ટ | ૧૦૦ |
| ૨૧. | કૅન્સર (પા.આ.) | ડૉ. શિલીન શુક્લ | ૧૫૦ |
| ૨૨. | જતીન્દ્ર-વિશેષ | ધીરુભાઈ ઠાકર | ૨૦૦ |
| ૨૩. | પાણી : પ્રકૃતિનો પ્રાણ | અંજના ભગવતી | ૨૦૦ |
| ૨૪. | ગુજરાત (પા.આ.) | – | ૭૦૦ |
| ૨૫. | સ્વસ્થ જીવનશૈલીનો આધાર : શાકાહાર | રાજશ્રી મહાદેવિયા | ૮૦ |
| ૨૬. | હિન્દી મહાસાગર | નીતિન કોઠારી | ૨૦૦ |
| ૨૭. | મોલ ભરેલું ખેતર | મણિલાલ હ. પટેલ | ૧૧૦ |
| ૨૮. | પ્રવાસન-ઉદ્યોગ | નીતિન કોઠારી | ૧૮૦ |
| ૨૯. | બે હાથની મથામણ | બિપિન જ. ભટ્ટ | ૨૦૦ |
| ૩૦. | જનીનવિજ્ઞાન (genetics) | જે. પી. ત્રિવેદી | ૬૦ |
| ૩૧. | જાંબુડિયા રંગનું ફૂલ અને બીજાં | મહેન્દ્ર અમીન | ૮૦ |
| ૩૨. | ઊર્જા | પી. સી. પટેલ | ૧૦૦ |
| ૩૩. | મેઘનાદ સહા | પ્રહ્લાદ પટેલ | ૮૦ |

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/4459. postal Regd. No. GAMC 1375 2021-23 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2023. License to post without Prepayment No. PMG/NG/111/2021-2023. valid upto 31/12/2023. at Ahd PSO On 5th every month.

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનો નીચેના સ્થળેથી મળશે.

### : પ્રાપ્તિસ્થાનો :

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ,
અમદાવાદ-380001
email : goorjar@yahoo.com
ફોન નં. 079 - 22149660

**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**
૫૧/૨, રમેશપાર્કની બાજુમાં,
વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા,
અમદાવાદ-380013
ફોન નં. 079 - 27551703
email : vishvakoshad1@gmail.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
૧૦૨,લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઈટેનિયમ સિટી સેન્ટરની બાજુમાં,
૧૦૦ ફૂટ આનંદનગર રોડ,
પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન નં. 079 - 26934340,
મો. – 98252 68759

**ક્રોસવર્ડ**
બી-૬, શ્રી ક્રિષ્ણા સેન્ટર,
મીઠાખળી સર્કલ પાસે,
અમદાવાદ-380009
ફોન નં. 079 - 26468931
email : latitudeahdac@gmail.com

**સદ્‌વિચાર પરિવાર**
સમર્પણ વિદ્યાપીઠ, સેટેલાઈટ રોડ,
રામદેવનગર, અમદાવાદ-380015
ફોન નં. 079 - 26860197
email : sdparivar.org@gmail.com

**ગ્રંથવિહાર**
ગુજરાતી સાહિત્ય પરિષદ,
ટાઈમ્સ ઑફ ઈન્ડિયાની પાછળ,
નદીકિનારે, આશ્રમરોડ,
અમદાવાદ-380009
ફોન નં. 079 - 26587949,
મો. 98987 62263